Downloaded from https:// www.studiestoday.com

ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1116/1052-54/છ, તા.28/11/2016 –થી મંજૂર

# ચિત્રકલા

## ધોરણ 10

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય સલાહકાર**
શ્રી પાનાચંદ લુણેચિયા

**લેખન - સંપાદન**
શ્રી પરેશ સેવક (કન્વીનર)
શ્રી રાજેન્દ્રકુમાર પટેલ
શ્રી પ્રશાંતભાઇ પટેલ
ડૉ. હેમંતકુમાર પંડ્યા
શ્રી ચિરાગકુમાર સુથાર
શ્રી નયના મેવાડા

**સમીક્ષા**
શ્રી નિલેશભાઇ પટેલ
શ્રી જીજ્ઞેશભાઇ લિમ્બાચિયા
શ્રી હંસાબેન પટેલ
શ્રી હેમલ પંચાલ
શ્રી વિપુલ પટેલ
શ્રી રજનીભાઇ ત્રિવેદી
શ્રી જીતેન્દ્રકુમાર પરમાર
શ્રી પરેશ મહેતા
શ્રી અમિતાબેન બાવનીયા
શ્રી મહેશભાઇ વસાવા

**ભાષાશુદ્ધિ**
શ્રી બિન્દુ પંડ્યા

**સંયોજન**
ડૉ.કમલેશ એન. પરમાર
(વિષય-સંયોજક : હિન્દી)

**નિર્માણ-આયોજન**
ડૉ.કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લિમ્બાચિયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપેક્ષ્યમાં તૈયાર કરાયેલા રાજ્યના જુદા-જુદા વિષયોના અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 10 ચિત્રકલા** વિષયનું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતા આનંદ થાય છે. લેખન-સંપાદન પૅનલના સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રત નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. એન. સી. ઈ. આર. ટી. ના અને અન્ય રાજ્યોના અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોને જોઈ-ચકાસી, રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે લેખક-સંપાદકોએ ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષા-શિબિરના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમજ મંજૂરીક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી - અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તકમાં રંગના પ્રકાર અને ભાવ, ભારતીય શૈલીઓ, ગુજરાતનો શિલ્પ-સ્થાપત્યનો વારસો, પ્રખ્યાત ગુફામંદિરો, નામાંકિત ચિત્રકારોના પરિચય સાથે ચિત્રસર્જન કલા વિશે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

| | |
|---|---|
| **એચ.એન. ચાવડા** | **ડૉ. નીતિન પેથાણી** |
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા.19-1-2017 | ગાંધીનગર |

પ્રથમ આવૃત્તિ : **2017**

પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ. એન. ચાવડા, નિયામક

મુદ્રક :

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# મૂળભૂત ફરજો

**ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :***

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓનાં ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# અનુક્રમણિકા


કલા શિક્ષણની પૂર્વભૂમિકા 01

વિભાગ - 1 સૈદ્ધાંતિક - થીયરી (Theory)

1. રંગના પ્રકાર અને ભાવ 02
   (1) રંગ શ્રેણીઓ
   (2) રંગ પદ્ધતિઓ
   (3) રંગોની ભાવ અભિવ્યક્તિ
2. ભારતીય ચિત્રશૈલીઓ 06
   (1) પાલ શૈલી
   (2) જૈન શૈલી
   (3) રાજપૂત શૈલી
   (4) રાજસ્થાની શૈલી
   (5) મોગલ શૈલી
   (6) કાંગડા શૈલી
3. ગુજરાતની શિલ્પ-સ્થાપત્યકલા 15
   શિલ્પ
   અંશ મૂર્ત શિલ્પ
   પૂર્ણ મૂર્ત શિલ્પ
   સ્થાપત્ય
   (1) મોઢેરાનું સૂર્યમંદિર
   (2) રાણકી વાવ
   (3) સરખેજનો રોજો
   (4) હઠીસિંગના દહેરા
   (5) રાણી સિપ્રીની મસ્જિદ
   (6) ચાંપાનેરનો કિલ્લો
4. પ્રખ્યાત ગુફામંદિરો 25
   (1) અજંતાની ગુફાઓ
   (2) ઈલોરાની ગુફાઓ
   (3) એલિફન્ટાની ગુફાઓ
   (4) બાઘની ગુફાઓ
5. નામાંકિત ચિત્રકારો 35
   (1) શ્રી દેવીપ્રસાદ રાય ચૌધરી
   (2) કુમારી અમૃતા શેરગિલ
   (3) શ્રી કાન્તિભાઈ પટેલ
   (4) શ્રી રમેશભાઈ પંડ્યા
   (5) શ્રી પીરાજી સાગરા
   (6) શ્રી સી.ડી. મિસ્ત્રી
   (7) શ્રી હકુભાઈ શાહ
   (8) શ્રી વૃંદાવન સોલંકી

વિભાગ - 2 ચિત્રસર્જન

1. ચિત્ર સંયોજન 60
2. માનવસર્જિત પદાર્થ ચિત્ર 70
3. કાપડની ભાત 74
4. સર્જનાત્મક ભાત 78
5. પ્રચાર ચિત્ર 81


Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# કલાશિક્ષણની પૂર્વ ભૂમિકા

કલા આપણા ખંડ, દિવાલોને કે સ્થાવર, જંગલ મિલકતોની સાથે સમગ્ર અસ્તિત્વને પણ શણગારે છે.

- જૈમિની રોય

વ્હાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો આપને ચિત્રકલા વિષયના અભ્યાસક્રમની પસંદગી માટે આવકારીએ છીએ. આપણે જાણીએ છીએ કે ચિત્રકલાનો અભ્યાસ આપણા જીવનને લયબદ્ધ રાખવામાં મદદરૂપ થાય છે.

તમે ગમે તે વિષયનો અભ્યાસ કરશો તો એક વાત સ્પષ્ટ સમજાઈ જશે કે દરેક વિષયના મૂળમાં ચિત્રકલાની સૂઝ અત્યંત જરૂરી છે.

ડૉક્ટર બનવું હશે તો શરીરની એનોટોમીના અભ્યાસમાં અને સર્જરી કરતી વખતે ચિત્રની એકાગ્રતા વધારવામાં, એન્જીનીયર બનવું હશે તો નકશા બનાવવામાં, આર્કિટેક બનવું હશે તો પરસ્પેક્ટીવના અભ્યાસમાં ચાર્ટડ એકાઉન્ટ, વેપારી કે ઉદ્યોગપતિ બનશો તો ઘર કે કાર્યાલય ને શણગારવા માટે, કપડાંની પસંદગી માટે કે અનેક નવાં યંત્રોની બનાવટમાં, તેને સુંદરઘાટ આપવામાં, રાચરચીલું ગોઠવવામાં ચિત્રકલાની તમારી સૂઝ તમને મદદરૂપ થશે.

કલા શબ્દ સંસ્કૃતમાં ‘કલ’ ધાતુ પરથી ઉપરથી ઊતરી આવ્યો છે. ‘કલ’ એટલે જાણવું. કલા દ્વારા આપણે જીવન જીવવાની મધુરતા માણી શકીશું. કલા દ્વારા થતો સૌંદર્ય અનુભવ એટલે જગતવ્યાપી સંવાદિતા. હતાશાને ખંખેરીને ચેતનાને ઝંકૃત કરવાની દૃષ્ટિ કલાના શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. તેથી કલાને સંસ્કૃતિના વાહક તરીકે સ્વીકારવામાં આવી છે. કલાનું પોષણ જે તે સમાજ દ્વારા જ થાય છે અને આ માનવજીવનનો વ્યવહાર કલા દ્વારા વિકાસ પામે છે. આ રીતે કલા અને સંસ્કૃતિ એક રસ થઈને જ જીવનમાં માધુર્ય પ્રગટાવે છે.

NATA - (National Aptitude test in Architecture)

NID - (National Institute Design)

NIFT - (National Institute of fashion Technology)

જેવી આધુનિક ટેકનીકલ શિક્ષણ આપતી સંસ્થાઓનો પરિચય કેળવીશું :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1 રંગના પ્રકાર અને ભાવ

## 1. રંગના પ્રકાર



ચિત્રકલામાં રેખા અને આકારનું મહત્ત્વ તમે ધો. ૯માં શીખી ગયા છો. આ ધોરણમાં તમારે રંગનું મહત્ત્વ સમજવાનું છે. ચિત્રમાં રંગો દ્વારા જુદા જુદા ભાવ દર્શાવી શકાય છે.

રંગો દ્વારા હૃદયની લાગણીઓ અને ઊર્મિઓને ચિત્રોમાં રજૂ કરી શકાય છે. મૂળ ત્રણ રંગો છે. આ ત્રણેય રંગોના મિશ્રણથી અનેક રંગોની શ્રેણીઓ રચી શકાય છે. તેમાંથી ત્રણ શ્રેણીઓનો ઉપયોગ ચિત્રકલામાં વધુ થાય છે. તેથી આપણે ત્રણ શ્રેણીઓનો અભ્યાસ કરીશું.

### (1) પ્રથમ શ્રેણીના રંગો (Primary Colours) :

લાલ પીળો અને વાદળી આ ત્રણેય મૂળ રંગો છે. આ રંગો મેળવણીથી બનતા નથી તેથી તેને મૂળ રંગો કહેવાય છે. તેથી આ રંગો શુદ્ધ અને તેજસ્વી રંગો છે.

લાલ, પીળો અને વાદળી મૂળ રંગ કહેવાય. બાકીના બીજા બધા મેળવણીથી થાય.

### (2) દ્વિતીય શ્રેણીના રંગો (Secondary Colours) :

પ્રથમ શ્રેણીના કોઈ પણ બે રંગોના મિશ્રણથી જે રંગ તૈયાર થાય છે. તેને દ્વિતીય શ્રેણીના રંગો કહેવાય છે.

- લાલ (Red) + પીળો = કેસરી (નારંગી) રંગ (Orange)
- પીળો (Yellow) + વાદળી = લીલો રંગ (Green)
- વાદળી (Blue) + લાલ = જાંબલી (પરપલ)રંગ (Violet)

કેસરી, લીલો અને જાંબલી એ દ્વિતીય શ્રેણીના રંગો છે. તે કોઈ પણ બે રંગોના મિશ્રણથી બને છે. તેથી તેમાં શુદ્ધતા અને તેજસ્વીતા થોડી ઓછી જોવા મળે છે.


### (3) તૃતીય શ્રેણીના રંગો (Terotary Colour) :

બીજી શ્રેણીના કોઈ પણ બે રંગોની મેળવણીથી બનતાં રંગો તૃતીય શ્રેણીના રંગો કહેવાય છે.

- કેસરી + લીલો = ચટણી રંગ (Olive Green)
- લીલો + જાંબલી = પથ્થરિયો રંગ (Ash/Slate)
- જાંબલી + કેસરી = બદામી રંગ (Brown)

તૃતીય શ્રેણીના રંગો ભૂખરા-રાખોડી જેવા બની જાય છે. તેની તેમની શુદ્ધતા અને તેજસ્વીતા ઘણી જ ઓછી થઈ જાય છે.

## 2. રંગ પદ્ધતિઓ (Colour Schemes) :



### (1) સજાતીય રંગ-પદ્ધતિ (Complementry Colours Scheme) :

રંગચક્રમા પાસે પાસે આવતા રંગો સજાતીય રંગ કહેવાય છે. રંગચક્રમાં કોઈ પણ મૂળ રંગની આજુબાજુના રંગો તે રંગના સજાતીય રંગ કહેવાય છે. રંગચક્રમાં દર્શાવ્યા પ્રમાણે (આકૃતિ- 2) લાલ રંગના સજાતીય રંગ જાંબલી અને કેસરી છે. પીળા રંગના



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સજાતીય રંગ લીલો અને કેસરી છે અને વાદળી રંગના સજાતીય રંગ જાંબલી અને લીલો છે. આ રંગોનો ઉપયોગ ઑફિસ અને ઘરની દીવાલો, પહેરવેશ તથા સજાવટમાં સજાતીય રંગોની પદ્ધતિનો ઉપયોગ થાય છે.

**(2) વિજાતીય (વિરોધી) રંગ-પદ્ધતિ (Constrast Colours Scheme):** રંગચક્રમાં સામ સામે આવતા રંગો વિજાતીય (વિરોધી) રંગ કહેવાય છે. આકૃતિ-3 માં દર્શાવ્યા પ્રમાણે સામ સામેના રંગો વિજાતીય છે.

લાલ રંગનો વિજાતીય રંગ લીલો છે. પીળા રંગનો વિજાતીય રંગ જાંબલી છે અને વાદળી રંગનો વિજાતીય રંગ કેસરી છે.



**આકૃતિ - 3**

ચિત્રમાં જ્યારે કોઈ એક રંગ અને તેનો વિજાતીય રંગ વપરાય ત્યારે વિજાતીય રંગ પદ્ધતિનું ચિત્ર તૈયાર થાય. આ રંગો લોકોને આકર્ષવામાં મદદરૂપ થાય છે. આ રંગો વ્યાવસાયિક ચિત્રકલા(Commercial art)માં વધુ વપરાય છે. જાહેરાત, પુસ્તક કે સામયિકોના આવરણ, ગ્રીટિંગ્સ કાર્ડ વગેરેમાં વધુ વપરાય છે.

**3 ગરમ રંગો: ઉત્તેજિત – ઉષ્ણ રંગો (Warm Colours) :** જે રંગોને જોતાં આંખોમાં ઉત્તેજના ઉત્પન્ન થાય તેવા રંગોને ગરમ રંગો કહેવાય છે. ગરમ રંગોને વધારે સમય સુધી સતત જોઈ શકાતા નથી. ઉદા: લાલ, નારંગી (કેસરી), પીળો વગેરે. આ રંગોનો ઉપયોગ જોનારને આકર્ષવા માટે જાહેરાતો, પોસ્ટર્સ વગેરેમાં વધારે જોવા મળે છે.

**4 ઠંડા રંગો : (શાંત-શીતળ રંગો ) (Cool Colours) :** જે રંગોને જોતાં આંખોમાં શાંત અને ઠંડકના ભાવ ઉત્પન્ન થાય તેને ઠંડા રંગો કહેવાય છે. ઉદા: વાદળી, લીલો, જાંબલી વગેરે રંગોને શીત રંગો કહેવાય છે. આવા રંગોનો ઉપયોગ ઘર, ઑફિસ કે દવાખાનાની દીવાલો ઉપર વિશેષ જોવા મળે છે.

**5 પારદર્શક રંગો (Transparant Colours)**

પારદર્શક રંગો એટલે તે રંગમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે તેવા રંગોને આછો પાતળો કરવા પાણી ઉમેરવામાં આવે છે. પારદર્શક રંગોમાં ચિત્રની પૃષ્ઠભૂમિ **(Back Ground)** સંપૂર્ણ રીતે ઢંકાઈ જતી નથી પણ રંગમાં પૃષ્ઠભૂમિની મદદ મળે છે. પારદર્શક રંગો એક વખત પૂર્યા પછી તે બદલી શકાતા નથી. તેને બદલવા જતાં મૂળ પારદર્શકતા નાશ પામે છે.

**6 અપારદર્શક રંગો (Opague Colours)**

અપારદર્શક રંગોમાં ચિત્રની પૃષ્ઠભૂમિ ઉપર રંગ લગાવ્યા પછી સપાટી ઢંકાઈ જાય છે. આ રંગો ચિત્રની પૃષ્ઠભૂમિ પર લગાવ્યા પછી બદલી શકાય છે. અપારદર્શક રંગોના ઉપયોગથી ચિત્રમાં ઘનતા કે કદનો આભાસ ઊભો થાય છે.

**7 રંગોની ભાવ અભિવ્યક્તિ**

(1) લાલ રંગ 🔴 : ક્રોધ, હિંસા, ભય, ઉગ્રતા જેવા ભાવની પ્રતિતી કરાવે છે. લાલ રંગ પ્રેમનું પ્રતિક છે. સ્ત્રીઓ અને બાળકોના પ્રિય રંગ છે. આ રંગ મંગલમય અને શુભ પ્રસંગોમાં વપરાય છે. આ રંગ ભયસૂચક હોવાથી ટ્રાફિક સિગ્નલમાં વાહનોને થોભવાનું સૂચન કરે છે.

(2) પીળો રંગ 🟡 : તેજસ્વિતા અને પવિત્રતાનો ભાવ દર્શાવે છે. આછો પીળો રંગ નબળાઈ અને અશક્તિ કે માંદગી દર્શાવે છે. પીળું પીતાંબર પવિત્રતાનું પ્રતિક છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) વાદળી રંગ ● : વાદળી રંગ વિશાળતા, અવકાશ અને અનંતતાનો ભાવ બતાવે છે. આકાશની વિશાળતા અને પાણીનો રંગ વાદળી (ભૂરા) રંગથી બતાવાય છે.

(4) કેસરી રંગ ● : (નારંગી રંગ) : કેસરી રંગ ત્યાગ અને બલિદાનનો ભાવ પ્રગટ કરે છે. શૌર્ય, સ્વાર્પણની ભાવના દર્શાવે છે. આપણા રાષ્ટ્રધ્વજના ઉપરના પટ્ટામાં કેસરી રંગને માનભર્યું સ્થાન આપવામાં આવ્યું છે.

(5) લીલો રંગ ● : લીલો રંગ ઠંડક, હરિયાળી, તાજગી, શાંતિ, સમૃદ્ધિ, ફળદ્રુપતા દર્શાવે છે. તેથી લીલા રંગને આપણા રાષ્ટ્રધ્વજમાં નીચેના પટ્ટામાં સ્થાન આપવામાં આવ્યું છે.

(6) જાંબલી રંગ ● :જાંબલી રંગ ઐશ્વર્ય અને રાજકીય વૈભવ, વિલાસ, એશ-આરામ, ઉદારતા અને ભપકાનું સૂચન કરે છે.

(7) સફેદ રંગ ○ : સફેદ રંગ શાંતિ, શુદ્ધતા, પવિત્રતા, સ્વચ્છતા, પ્રામાણિકતા, સાદગી અને વૃદ્ધત્વ દર્શાવે છે. સફેદ રંગ શાંતિનું પ્રતિક છે. તેથી આપણા રાષ્ટ્રધ્વજમાં વચ્ચેના પટ્ટામાં સફેદ રંગને સ્થાન આપવામાં આવ્યું છે.

(8) કાળો રંગ ●: કાળો રંગ શોક, ભય, ગહનતા, કપટ, ઊંડાણ, ગમગીની અને અંધકાર દર્શાવે છે. વિરોધ પ્રદર્શિત કરવા કાળા રંગનો ઉપયોગ થાય છે. શોક દર્શાવવા પણ કાળા રંગના વસ્ત્રો પહેરવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) વાદળી અને લાલ રંગના મિશ્રણથી ________ રંગ બને છે.

(2) ચટણી રંગ બનાવવા લીલા રંગમાં ________ રંગ ઉમેરવો પડે છે.

(3) પીળા રંગનો સજાતીય રંગ લીલો અને ________ રંગ છે.

(4) ________ રંગોને જોતાં આંખોમાં શાંત અને ઠંડકના ભાવ પ્રગટ થાય છે.

(5) ________ રંગો ચિત્રની પૃષ્ઠભૂમિ પર લગાવ્યા પછી બદલી શકાય છે.

**2. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) નીચેના આપેલા રંગોમાંથી કયો મૂળ રંગ છે ?

(A) જાંબલી (B) લીલો (C) ચટણી (D) પીળો ________

(2) નીચે આપેલા પૈકી કયો રંગ તૃતીયશ્રેણીનો છે ?

(A) વાદળી (B) કેસરી (C) ચટણી (D) લીલો ________

(3) જાંબલી રંગનો વિજાતીય રંગ કયો છે ?

(A) પીળો (B) કેસરી (C) બદામી (D) લીલો ________

(4) ઉષ્ણ રંગ (ગરમ) કયો છે ?

(A) લીલો (B) વાદળી (C) પથ્થરીયો (D) કેસરી ________



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(5) હરીયાળી, તાજગી, સમૃદ્ધિ અને ફળદ્રુપતા દર્શાવવા કયો રંગ વપરાય છે ?

(A) કેસરી (B) લીલો (C) કાળો (D) લાલ ______

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) કયા રંગો મેળવણીથી બનતા નથી ?

______________________________

(2) રંગચક્રમાં પાસ પાસે આવતા રંગો કેવા રંગ કહેવાય ?

______________________________

(3) કયા રંગોને જોતા આંખોમાં ઉત્તેજના ઉત્પન્ન થાય છે ?

______________________________

(4) કયા રંગોને બદલવા જતા મૂળ પારદર્શકતા નાશ પામે છે ?

______________________________

(5) કયો રંગ ત્યાગ અને બલિદાનની ભાવ પ્રગટ કરે છે ?

______________________________

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 ભારતીય ચિત્રશૈલી

ભારતની લલિત કલાઓમાં ચિત્રકલાને ધર્મનું પ્રોત્સાહન મળ્યું છે. રસ અને ભાવની અભિવ્યક્તિને કારણે ચિત્રકલા આગવું સ્થાન ધરાવે છે. કલાના ઇતિહાસમાં શૈલી સ્વરૂપમાં તેનો વિકાસ અંજતામાં થયેલો જોવા મળે છે તે પછી ભારતીય ચિત્રકલાનો વિકાસ જુદા જુદા રાજવંશીયોથી થયો છે. ભારતીય ચિત્રશૈલીઓનો વિકાસ તેના નામ, યુગ અને પ્રદેશ પરથી પાડવામાં આવેલ છે. દા. ત. પાલ શૈલી, જૈન શૈલી, રાજપૂત શૈલી, મોગલ શૈલી, કાંગડા શૈલી વગેરે.

પ્રાચીન ભારતમાં ચિત્રોનું આલેખન ભીંત ઉપર, તાડપત્રો, લાકડાની પટ્ટી, કાગળ કે કાપડ પર થતું હતું. તાડપત્રો અને કાગળ ઉપરનું ચિત્રકામ લઘુ શૈલીમાં જોવા મળે છે. આમ વિવિધ શૈલીઓનો પરિચય આપણે અહીં મેળવીએ.



પાલ શૈલીનું ચિત્ર

**(1) પાલ શૈલી :** પૂર્વ ભારતમાં (ઈ. સ.ની 8મી થી 13મી સદી) પાલ રાજાઓના આશ્રયે બંગાળ, બિહાર, નાલંદા ઉપરાંત નેપાળ અને તિબેટ સુધી વિકસી હતી. તેથી તે પાલ શૈલીને નામે ઓળખવામાં આવે છે.

પાલ શૈલીનાં લઘુચિત્રો મુખ્યત્વે મહાયાન બૌદ્ધ સંપ્રદાયની તાડપત્રોની પોથી ઉપર કરવામાં આવેલા જોવા મળે છે. આ લઘુચિત્રો બૌદ્ધ ધર્મની પ્રેરણા હેઠળ બૌદ્ધ ધર્મ ગ્રંથોમાં કરવામાં આવેલ હોય એમાં મુખ્યત્વે બોધિસત્વ પ્રજ્ઞાપારમિતા અને જાતક કથાઓનાં ચિત્રો આલેખાયેલાં છે. આ શૈલીનાં ચિત્રોવાળી કેટલીક બ્રાહ્મણ (હિંદુ) હસ્તપ્રતો પણ જોવા મળે છે. પાલ શૈલીની કેટલીક હસ્તપ્રતો અમદાવાદ, મુંબઈ ઉપરાંત વિદેશોમાં ન્યુયોર્ક અને બોસ્ટનમાં સંગ્રહિત છે. આ પોથી ચિત્રના કલાકારે તદ્દન નાના ફલક ઉપર અમુક શિસ્ત અને નિયમો પાળવા જરૂરી બને છે. આમ તેમાં કેટલાંક નવાં તત્ત્વો ઉમેરાયાં છે. આ રીતે



પાલ શૈલીનું ચિત્ર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

લઘુચિત્રોની એક વિશિષ્ટ શૈલી નિર્માણ પામી. આ પાલ શૈલીમાં આલેખાયેલાં પાત્રોમાં ગતિશીલતાને સ્થાને સ્થિરતા, શાંત મુખભાવ, અણીદાર નાક, અર્ધ બિડાયેલ નેત્રો રેખામાં અક્કડપણું વગેરે લક્ષણો ધ્યાન ખેંચે છે. આ ચિત્રોમાં પાછળની ભૂમિકામાં લાલ રંગનો છૂટથી ઉપયોગ થયેલો જોવા મળે છે. આ ઉપરાંત લીલો, ભૂરો અને માટી જેવો પીળા રંગનો ઉપયોગ થયેલ છે અને કાળા રંગથી લખાણ છે. લખાણની લઢણ (કેલિગ્રાફી) બહુ જ ઉત્તમ છે. હસ્તપ્રતો મૂકવા માટે લાકડાની લાંબી પેટી રાખતા અને તેના પર પણ ચિત્રાંકન થયું છે.

આ પોથી ચિત્રોને સમગ્રપણે જોતાં તેનો હેતુ સુશોભનાત્મક હોય તેમ લાગે છે.



↑ જૈન શૈલીનાં ચિત્રો ↓





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




**જૈન શૈલીનાં ચિત્રો**

**(2) જૈન શૈલી :** આ શૈલી પશ્ચિમ ભારતમાં ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન અને માળવામાં ઈ. સ. 12મી સદીના આરંભમાં અસ્તિત્વમાં આવી. પશ્ચિમ ભારતના આ પ્રદેશોમાં એ સમયે જૈન ધર્મનો પ્રભાવ હતો. આ ચિત્રો તાડપત્રો અને કાગળની હસ્તપ્રતો કે પોથીઓ પર આલેખાયેલાં લઘુચિત્રો મુખ્યત્વે જૈન ધર્મ આધારિત છે. પરિણામે આ લઘુચિત્રોની શૈલી 'જૈન શૈલી'ના નામે ઓળખાય છે.

કલ્પસૂત્ર, કાલકાચાર્ય કથા, નેમિનાથ સૂત્ર, બારસાખ સૂત્ર, કથાસરિત સાગર વગેરે ગ્રંથોમાં આ શૈલીનાં લઘુચિત્રો આલેખાયેલાં જોવા મળે છે. આ શૈલીનાં ચિત્રો પણ પોથીના કાગળ ઉપર લખાણ સિવાયની નક્કી કરેલી જગ્યામાં જ કરવામાં આવતા હોઈ ચિત્રકારને મુક્ત અભિવ્યક્તિનો બિલકુલ અવકાશ નથી.

પાત્રોમાં અક્કડપણું, એક વિધતા, ટૂંકાં પાત્રો, ગરુડની ચાંચની જેમ ગાલથીયે આગળ નીકળેલું અણીવાળું નાક, મોટી અને લાંબી આંખ (એક આંખ ચહેરાની બહાર નીકળેલી લાગે) આગળ નીકળેલી છાતી, પાતળું પેટ, અણીદાર આંગળીઓ અને આસન પર ટટ્ટાર રીતે લીધેલી બેઠક આ જૈન શૈલીનાં પાત્રોની લાક્ષણિકતા છે. – રંગોમાં મુખ્યત્વે લાલ, ભૂરો, લીલો અને સોનેરી તથા પીળો મુખ્ય છે. મર્યાદિત ફલક ઉપર પણ ચિત્રોનું સુંદર આયોજન, સબળ રેખાંકન અને ભભકદાર સમતોલન રંગપૂરણી તે વખતના કલાકારની કલાસૂઝનો ખ્યાલ આપે છે.

જૈન શૈલીનાં આ ચિત્રો ભારતીય ચિત્રકલાના ઈતિહાસમાં આગવું સ્થાન પામ્યાં. તેમજ આ શૈલીના નમૂના ગુજરાતમાં જ સૌથી વિશેષ મળ્યા હોઈ આ શૈલી ગુજરાતને ગૌરવ અપાવ્યું તેથી તેને "ગુજરાત શૈલી" તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ શૈલી 12મી સદીના આરંભથી 16મી સદીના અંત સુધી ટકી રહી. આ જૈન શૈલીએ અગાઉની અજંતાની કલા અને પછી રાજપૂત-મોગલ કલા વચ્ચેના સમયગાળામાં ભારતીય ચિત્રકલાનું અસ્તિત્વ અને પરંપરા ટકાવી રાખવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જૈન હસ્તપ્રતોમાં લહિયાઓએ જે લખાણની લઢણ ઊભી કરી તેને કેલિગ્રાફી કવૉલિટી કહેવાય છે અને જે રેખા વાપરી છે તે બહુ જ ધારદાર છે. જૈન ધર્મના ઉપાશ્રયોમાં આ સર્જન થયું અને સાધુઓનું તેમાં માર્ગદર્શન રહેલું છે. સોનાના વરખ ચોંટાડીને તે પર પણ ચિત્રાંકન થયું અને વરખને ઓગાળી તેની શાહીથી પણ લખાણ થયું છે.

**(3) રાજપૂત શૈલી :** રાજપૂત રાજાઓના આશ્રયે રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વિકસેલી આ શૈલીને રાજપૂત શૈલી કહેવામાં આવે છે. આ કલા શૈલીથી ભારતીય ચિત્રકલાનો મંદ પડેલો પ્રવાહ પુનઃ વેગવંતો બન્યો. ઈ. સ. 10મી સદીથી ઈ.સ. 14મી સદી દરમિયાન આ શૈલીમાં મોટે ભાગે સંખ્યાબંધ લઘુચિત્રો (Miniature Painting) થયાં તેમજ ભીંતચિત્રો પણ થયાં. આ લઘુચિત્રો ક્યારેક 4"(ચાર ઈંચ) થી 5" (પાંચ ઇંચ) જેટલાં નાનાં હોય છે. તેમાં પાત્રોના ચહેરાથી માંડીને વૃક્ષનાં પાંદડાં કે ભાત રચના(ડિઝાઇન)ની બારીકાઈ આપણને આશ્ચર્યમાં મુગ્ધ કરી દે છે.

આ પ્રદેશમાં સમાજનો એક વર્ગ એવો હતો કે જે વંશપરંપરાગત ચિત્રો દોરવાનો વ્યવસાય કરતો આવા ચિતારાઓને રાજસ્થાનના રાજપૂત રાજાઓ વર્ષાસન આપી પોતાના રાજ્યમાં આશ્રય આપતા અને પોતાનાં તેમજ પોતાના વડીલો વારસોના પરાક્રમનાં ચિત્રો કરાવતા હતા. તેથી તે સમયના રાજપૂત રાજાઓનો વૈભવ, રીતરિવાજ અને પહેરવેશનો આપણને ખ્યાલ આવે છે. ઘેરદાર ચણિયા અને પારદર્શક ઓઢણી એ રાજપૂત શૈલીની વિશિષ્ટતા છે.



**રાજપૂત શૈલીનું ચિત્ર**




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




રાજપૂત શૈલીનું ચિત્ર



રાજસ્થાન શૈલીનું ચિત્ર

**(4) રાજસ્થાની શૈલી :**



રાજસ્થાન શૈલીનું ચિત્ર

રાજપૂત શૈલી રાજસ્થાનના બુંદી, કિશનગઢ, બિકાનેર, જોધપુર, મેવાડ જેવા સ્થળોમાં વિકસી હોવાથી રાજસ્થાન શૈલી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ ચિતારાઓ રાજ્યાશ્રિત હોવાથી રાજા-મહારાજાઓના ચિત્રો કરતા પરંતુ નવરાશના સમયમાં 'રાધાકૃષ્ણ', 'રાસલીલા' કે 'કૃષ્ણભક્તિ' અને રાજસ્થાની લોકજીવન આ શૈલીના મુખ્ય વિષય છે. રાજસ્થાનમાં મહેલો, દીવાલો, હવેલીઓ વગેરે ઉપર પણ આવાં ભીંત ચિત્રો (ફ્રેસ્કો) જોવા મળે છે.

આ ઉપરાંત 'રાગમાળાનાં ચિત્રો', 'નાવિકાભેદ' અને 'શૃંગાર રસ'નાં ચિત્રો પણ તૈયાર કર્યા છે જે તેની વિશિષ્ટતા છે. સુંદર ચિત્ર સંયોજન, માવનપાત્રોનું સબળ આલેખન અને રંગ વૈવિધ્ય એ રાજસ્થાન શૈલીનાં ચિત્રોની લાક્ષણિકતાઓ છે. આમ રાજસ્થાન શૈલીને ખૂબ આવકાર સાંપડ્યો. તેથી રાજપૂત કલા એ લોકકલા તરીકે ઓળખાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



મોગલ શૈલીનું ચિત્ર

**(5) મોગલ શૈલી :**

ઈ. સ. 1526માં મોગલ બાદશાહ બાબરે ભારતમાં મોગલ સલ્તનતનો પાયો નાખ્યો. મોગલ સમ્રાટો કલાપ્રેમી હતા. તેથી તેમના શાસનકાળ દરમિયાન કલાનો સતત વિકાસ થતો રહ્યો. મોગલો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે તેઓ તેમની સાથે ઈરાની કલાકારોને લાવેલા અને બાબરના મૃત્યુ પછી પણ ભારતમાં જ રહ્યા. બાબરનો પુત્ર હુમાયુ પણ કલાપ્રેમી હતો. બાબર અને હુમાયુ કલાના ચાહક હતા.

અકબરના શાસનકાળ દરમિયાન મોગલ સામ્રાજ્યનો પાયો સુદૃઢ બન્યો. તેથી સ્થિરતા અને શાંતિ સ્થપાયાં, સમૃદ્ધિ વધી. એ સમયની સમૃદ્ધ રાજપૂત શૈલીમાં (ભારતીય કલા) અને ઈરાની શૈલીના સમન્વયથી એક નવી જ ચિત્રશૈલી અસ્તિત્વમાં આવી તે 'મોગલ કલા' તરીકે ઓળખાઈ જેનો સમય ઈ. સ. 16મી સદીથી ઈ. સ. 17મી સદીનો હતો. અકબર મોગલ શૈલીનો સાચો જનક બન્યો એના સમયમાં ગ્રંથચિત્રો અને વ્યક્તિચિત્રો (પોટ્રેઈટસ) સારા પ્રમાણમાં થયાં. 'હમ્ઝાહનામા', 'શાહનામા', 'બાબરનામા', 'તવારિખે તૈમુરિયા' વગેરેનાં ચિત્રો આ સમયમાં થયા. કહેવાય છે કે 'બાબરનામા'નાં ચિત્રો 48 ચિત્રકારોએ કર્યા હતાં અને 'હમ્ઝાહનામા'ના બાર ભાગમાં 1400 ચિત્રો દોરવામાં આવ્યાં છે.

જહાંગીરના શાસનકાળમાં મોગલ શૈલી સર્વોચ્ચ શિખરે પહોંચી, જહાંગીર પોતે કલાનો ચાહક અને મિમાંસક પણ હતો. તે પશુ-પંખીઓનો તેમજ નિસર્ગ દૃશ્યોનો શોખીન હતો. તેના સમયમાં ઉત્તમ કોટિનાં પક્ષીચિત્રો થયાં. એના દરબારમાં પક્ષી ચિત્રોમાં કુશળ એવો મન્સૂર નામનો નામાંકિત ચિત્રકાર હતો. વ્યક્તિ ચિત્રો પણ એના સમયમાં ઉત્તમ કોટિનાં થયાં. હિંદુ ચિત્રકાર બિશનદાસ પણ જહાંગીરના દરબારનું એક ઘરેણું સમાન હતું. આ ઉપરાંત શિકાર, દરબારી ઠાઠ, યુદ્ધ, લશ્કરી છાવણી, પ્રાણીઓની સાઠમારી જેવાં ચિત્રો પણ થયાં. શાહજહાંના સમયમાં કલા સર્જનનો પ્રવાહ ચાલુ રહ્યો પણ શાહજહાંને ચિત્રકલા કરતાં સ્થાપત્યમાં વધારે રસ હતો. તેથી ચિત્રકલાને જોઈએ તેટલું પ્રોત્સાહન ન મળ્યું. એના સમયમાં તાજમહાલનું અત્યંત સુંદર મનમોહક સ્થાપત્યનું નિર્માણ થયું.

ઔરંગઝેબના સમયમાં મોગલ કલાનો મૃત્યુઘંટ વાગ્યો. ચિત્રકારોને રાજ્યાશ્રય મળતો બંધ થયો તેથી તે



મોગલ શૈલીનું ચિત્ર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ચિત્રકારોએ ઉત્તર ભારતના કાશ્મીર અને હિમાલય ખીણપ્રદેશના નાના નાના રાજ્યોમાં આશ્રય લીધો.

મોગલકલા એ દરબારી કલા હતી. મોગલ સમ્રાટોના શોખ અને અભિમાનને પોષવા માટે ચિત્રો થયાં. આથી એમાં શાહીદમામ, દરબારી ઠાઠ, અમીર-ઉમરાવનાં વ્યક્તિ ચિત્રો, રાજદરબાર યુદ્ધ અને છાવણી, હાથીઓની સાઠમારી, શિકાર એ મોગલકલાના માનીતા વિષયો હતા. રેખાંકનની સુરેખતા, નજાકત અને વાસ્તવદર્શન આ શૈલીનાં લાક્ષણિક તત્ત્વો છે. રાજસ્થાન શૈલીના ભભકાદાર રંગોને સ્થાને હળવા શાંત તેમજ પાજ્ઞાત ભૂમિમાં નિસર્ગ દશ્યોનું યથાદર્શન આ શૈલીનું આગવું પાસું છે.

**(6) કાંગડા શૈલી :**

મોગલ રાજ્યનાં ચિત્રકારોને રાજ્યાશ્રય ન મળતાં મોગલ સામ્રાજ્યનો પ્રદેશ છોડી સતલજની પૂર્વે હિમાલયની ખીણમાં આવેલા પહાડી પ્રદેશો ચંબા, નૂરપૂર, ગુલેર, મંડી, કાંગરા, બિસોલી, કુલુ, ગઢવાલ જેવા નવા રાજ્યોમાં રાજ્યાશ્રય માટે પહોંચ્યા. કાંગડા (કલમ) શૈલીએ પહાડી શૈલીનું સર્વોચ્ચ શિખર કહી શકાય. કાંગડાની ખીણ પ્રદેશમાં આવેલા રાજ્યોમાં જે પહાડી શૈલી તેની પોતાની આગવી વિશેષતા સાથે વિકાસ પામી. રાજસ્થાન અને મોગલ ચિત્રકારો એ ભેગા થઈ જે કલા  વિકસાવી તે કાંગડા શૈલી તરીકે જાણીતી થઈ.

આ શૈલીનો મુખ્ય વિષય માત્ર કૃષ્ણભક્તિ તેમજ રાજસ્થાન શૈલીના કેટલાક વિષયોનું પુનરાવર્તન પણ થયું છે. કાંગડા શૈલીમાં રાજસ્થાની શૈલી જેવી રંગોની ભભક જણાતી નથી. મોગલ શૈલીની અસરને પરિણામે આછી રંગપૂરણી, રંગોમાં ધુમ્મસના વાતાવરણમાં દેખાતી મીઠાશ અને પારદર્શકતા હોય છે. કાંગડા શૈલીનો કલાકાર ખૂબ જ અભ્યાસી હતો. પરિણામે ચિત્રકલા ક્ષેત્રે જગતના રૂપાળા, સર્વાંગ સુંદર મુખાકૃતિઓ જોવા મળે છે. આ શૈલીનો સર્વશ્રેષ્ઠ કલાકાર મોલારામ હતો.

કાંગડા શૈલીમાં નારીપાત્રનું આલેખન ભાવપૂર્ણ અને કાવ્યાત્મક છે. નાજુક શરીર, સીધી અણીવાળું નાક, ગોળ મુખમંડનમાં ઢળતું કપાળ એ એની આગવી વિશેષતા છે. પુરુષોમાં કૃષ્ણના જીવન પ્રસંગોનું આલેખન રજ્ઞું છે. આ ઉપરાંત કાશ્મીરની ડુંગરાળ સૌંદર્યમય ભૂમિનું આલેખન ચિત્રમાં મોટે ભાગે જોવા મળે છે.



**કાંગડા શૈલીનું ચિત્ર**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



કાંગડા શૈલીનું ચિત્ર






કાંગડા શૈલીનાં સર્વાંગ સુંદર ચહેરા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) તાડપત્રો અને કાગળ ઉપરનું ચિત્રકામ ________ શૈલીમાં જોવા મળે છે.

(2) ________ શૈલીમાં મુખ્યત્વે લાલ, ભૂરો, લીલો અને સોનેરી પીળો રંગ મુખ્ય છે.

(3) 12મી સદીના આરંભથી 16મી સદીના અંત સુધી ________ શૈલી ટકી રહી.

(4) _______ કલા રાજપૂત કલા તરીકે ઓળખાય છે.

(5) _______ બાદશાહએ ભારતમાં મોગલ સલ્તનતનો પાયો નાખ્યો.

(6) મોગલ શૈલીમાં પક્ષી ચિત્રોનો જાણીતો ચિત્રકાર ________ હતો.

**2. નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ આપી જવાબ લખો.**

(1) કોના શાસનકાળમાં મોગલશૈલી સર્વોચ્ચ શિખરે પહોંચી ?

(A) બાબર (B) અકબર (C) જહાંગીર (D) હુમાયુ _______

(2) ભારતીય અને ઈરાની શૈલીના સમન્વયથી નવી કઈ શૈલી અસ્તિત્વમાં આવી ?

(A) મોગલ શૈલી (B) રાજસ્થાન શૈલી (C) કાંગડા શૈલી (D) જૈન શૈલી _______

(3) નીચેનામાંથી કયું ચિત્ર રાજસ્થાની કલાની વિશિષ્ટતા છે ?

(A) હમ્ઝાહનામા (B) રાગમાળાનાં ચિત્રો (C) કલ્પસૂત્ર (D) પ્રજ્ઞાપારમિતા _______

(4) પાલશૈલીના લઘુચિત્રો મુખ્યત્વે કયા સંપ્રદાયના છે?

(A) જૈન (B) બૌદ્ધ (C) ઈસ્લામીક (D) રજપૂત રાજાના _______

(5) રાધાકૃષ્ણ, રાસલીલા કે કૃષ્ણભક્તિ એ કઈ શૈલીના મુખ્ય વિષય છે ?

(A) રાજસ્થાની શૈલી (B) મોગલ શૈલી (C) જૈન શૈલી (D) પાલ શૈલી _______

(6) કાંગડા શૈલીનો શ્રેષ્ઠ કલાકાર કોણ હતો ?

(A) મન્સૂર (B) જહાંગીર (C) શાહજહાં (D) મોલારામ _______

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) પાલશૈલીનાં લઘુચિત્રો મુખ્યત્વે કઈ પોથી પર કરવામાં આવે છે ?

______________________________

(2) જૈનશૈલી બીજા કયા નામથી ઓળખાય છે ?

______________________________

(3) કઈ શૈલીમાં સંખ્યાબંધ લઘુચિત્રો તેમજ ભીંતચિત્રો થયા?

______________________________

(4) કયા રાજાઓના શાસનકાળ દરમિયાન મોગલશૈલીનો વિકાસ થતો રહ્યો ?

______________________________

(5) રાજસ્થાન અને મોગલ ચિત્રકારોએ ભેગા મળી કઈ કલા વિકસાવી ?

______________________________

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 ગુજરાતની શિલ્પ-સ્થાપત્ય કલા

આ પ્રકરણમાં આપણે આપણા ગુજરાત રાજ્યની શિલ્પ-સ્થાપત્ય કલા વિશે જાણકારી મેળવીશું. આ માટે આપણે નીચે આપેલ મુદ્દાઓ સમજવા જરૂરી છે.

- શિલ્પ એટલે શું?
- સ્થાપત્ય એટલે શું?
- શિલ્પ અને સ્થાપત્યમાં કઈ સમાનતા અને શું તફાવત છે?

**શિલ્પ (Sculpture) :** ભારતીય સંસ્કૃતિમાં દર્શાવેલી લલિતકલાઓ પૈકીની એક કલા છે. શિલ્પ એ દૃશ્ય કલા(Visual art) છે.

'કોતરણીની કલા, બીબા ઢાળવાની કલા, આકાર આપવાની કલા કે અન્ય પદ્ધતિના ઉપયોગ દ્વારા પથ્થર, લાકડું, ધાતુ, માટી વગેરેમાંથી કંડારવામાં આવેલી દ્વિ-પરિમાણ કે ત્રિ-પરિમાણ કૃતિને શિલ્પ કહે છે.'

- શિલ્પ કૃતિમાં વ્યક્તિ, વસ્તુ, પ્રસંગ કે અમૂર્ત આકાર કંડારવામાં આવે છે.
- શિલ્પમાં (1) લંબાઇ, (2) પહોળાઈ અને (3) ઊંડાઈ અથવા જાડાઈ એમ ત્રણ પરિમાણો હોય છે.

શિલ્પના બે પ્રકાર છે :

(1) અંશઃ મૂર્ત શિલ્પ (2) પૂર્ણમૂર્ત શિલ્પ

**(1) અંશઃ મૂર્ત શિલ્પ ( Relief Sculpture )**

જે શિલ્પમાં આગળનો ભાગ કંડારીને (કોતરીને) ઉપસાવવામાં આવ્યો હોય અને શિલ્પની પૃષ્ઠભાગની ભૂમિ સપાટ હોય એટલે કે કોઈ એક બાજુથી ઘાટ આપવામાં આવ્યો હોય તેને અંશમૂર્ત શિલ્પ કહે છે.



**અંશમૂર્ત શિલ્પ - રાણીની વાવ** **કલકી અવતાર**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### (2) પૂર્ણમૂર્ત શિલ્પ

જે શિલ્પને ચારે બાજુ ફેરવીને જોઈ શકાય એ રીતે ઘાટ આપવામાં આવે તે શિલ્પને પૂર્ણમૂર્ત શિલ્પ કહે છે. આ શિલ્પમાં લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ (કે જાડાઈ) એમ ત્રિપરિમાણ (3D) જેવી રજૂઆત હોય છે. જેમની પ્રદક્ષિણા કરી શકાય તેવી દેવી-દેવતાઓની મૂર્તિઓ અથવા નગરના જાહેર માર્ગ ઉપર મૂકવામાં આવેલી પ્રતિમાઓ આ પ્રકારનાં શિલ્પ કહેવાય.



પૂર્ણમૂર્ત શિલ્પ

**સ્થાપત્ય** : કલાત્મક આકાર આપીને તૈયાર કરવામાં આવેલ ભવન(આલય)ને સ્થાપત્ય કહેવામાં આવે છે. તેની રચનામાં શિલ્પકલાનો ઉપયોગ પણ કરી શકાય છે. બહારથી કલાત્મક દેખાતા સ્થાપત્યનો આંતરિક ભાગ તેની ઉપયોગિતા મુજબની સવલતો ધરાવતો હોય છે. કલાત્મક મંદિર, મહેલ, કિલ્લા જેવા ભવનો સ્થાપત્યના ઉદાહરણ છે. દૃશ્યકલા અને કલાત્મક આકાર એ શિલ્પ અને સ્થાપત્યની મુખ્ય સમાનતા છે.

શિલ્પ કલાની સુંદરતા ઉપરાંત શિલ્પકારની કલ્પના અને સર્જનાત્મકતા રજૂ કરે છે. જ્યારે સ્થાપત્યમાં કલાની સુંદરતાની સાથે સાથે ભાવની ઉપયોગિતા પણ મહત્ત્વપૂર્ણ છે. શિલ્પ અને સ્થાપત્ય વિશે આટલી સમજ કેળવ્યા બાદ હવે આપણે ગુજરાતની શિલ્પ અને સ્થાપત્ય કલા વિશે અભ્યાસ કરીશું.

### (1) મોઢેરાનું સૂર્યમંદિર :

અગિયારમી સદી દરમિયાન રાજા ભીમદેવ સોલંકીના સમયમાં આ સૂર્યમંદિર બાંધવામાં આવેલું છે. જે હાલમાં ભગ્ન અવસ્થામાં જોવા મળે છે. ભારતીય પુરાતત્ત્વ ખાતાએ તેનું સમારકામ કરાવી તેને પ્રવાસના સ્થળ તરીકે હાલમાં વિકસાવ્યું છે. અમદાવાદથી 90 કિમીના અંતરે મહેસાણા જિલ્લાના મોઢેરા ગામે નિર્માણ પામેલું આ મંદિર મોઢેરાના સૂર્યમંદિર તરીકે ખ્યાતિ ધરાવે છે. આ કલાત્મક સૂર્યમંદિરના આગળના ભાગમાં લંબચોરસ આકારનો અત્યંત વિશાળ સૂર્યકુંડ આવેલો છે. તેની ચારે બાજુ કોતરણીયુક્ત નાના મંદિર છે. કુંડ પછી સૂર્યમંદિરનો સભામંડપ છે. તેમાં કલાત્મક તોરણો છે. ઉપરનો ભાગ નાશ પામ્યો છે. છતાં થાંભલા અને છતના અવશેષરૂપી ભાગોની કોતરણી મનમોહક છે. આઠ થાંભલાવાળા ગૂઢ મંડપની સમગ્ર રચના સુશોભિત શિલ્પોથી ભરપૂર છે. ત્યારપછી ગર્ભગૃહ છે. અહીં સૂર્યદેવની



મોઢેરાનું સૂર્યમંદિર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



મોઢેરાના સૂર્યમંદિરનો સૂર્યકુંડ



સાત ઘોડાના રથ પર સૂર્યદેવ - મોઢેરાનું સૂર્યમંદિર

પ્રતિમા હશે એવું પ્રવેશદ્વાર ઉપરથી કલ્પી શકાય છે. અહીં એક ભોંયરું છે. તેમાં એક પથ્થર ઉપર સાત અશ્વોની સુંદર આકૃતિ છે. તે સૂર્યદેવની મૂર્તિની પીઠિકા હોવાનું મનાય છે. સૂર્યમંદિરના થાંભલા, છતો, દીવાલો તથા ઝરૂખા વગેરે સુંદર શિલ્પો કોતરણીથી ભરપૂર છે. તેની ફરતેની દીવાલો ઉપરના ગોખમાં સૂર્ય, ઈન્દ્ર વગેરે દેવોની પ્રતિમાઓ છે. આ પ્રતિમાઓ ગર્ભગૃહની મૂળ પ્રતિમાની ભવ્યતાનો ખ્યાલ આપે છે. આ મંદિર કર્કવૃત્તની રેખા ઉપર પૂર્વાભિમુખ હોવાથી ઉગતા સૂર્યનાં કિરણો સૂર્યદેવની પ્રતિમા ઉપર પડતાં હતાં. તેથી પૂરું મંદિર ઝગારા મારતું હતું.

અહીં કંડારાયેલા દર્પણ કન્યા, પગમાંથી કાંટો કાઢતી સ્ત્રી, ઝાંઝર પહેરતી નર્તકી અને નર્તક વૃન્દો, શૃંગારિક શિલ્પો તેમજ ધાર્મિક અને સાંસારિક જીવનના અનેક સુંદર ભાવવાહી શિલ્પોથી મોઢેરાનું સૂર્યમંદિર ખૂબ જ સમૃદ્ધ છે. તેથી તે ગુજરાતના સોલંકી યુગની સ્થાપત્યકલાની ભવ્યતાની પ્રતીતિ કરાવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### (2) રાણીની વાવ (રાણકી વાવ)

વાવ એટલે પગથિયાં ઉતરતાં ઉતરતાં છેક પાણી સુધી જઈ શકાય તેવાં પગથિયાં વાળા કૂવા, વટેમાર્ગુઓ પાણી પી શકે તેમ જ થોડો આરામ કરી શકે તેવી ઠંડકવાળી જગ્યા વાવમાં હોય છે.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં કલાત્મક વાવો જોવા મળે છે. જ્યારે મુસાફરીના સાધનો ટાંચા હતાં ત્યારે પગપાળા મુસાફરી અને યાત્રાઓ થતી હતી. તે વખતે વટેમાર્ગુઓને પાણી પીવાની અને આરામ કરવાની વગડામાં જરૂર પડતી હતી. તેથી એ જમાનામાં લોકહિતને ધ્યાનમાં રાખીને રાજા-મહારાજાઓ અને શ્રેષ્ઠી દાનવીરો પરબો અને વાવો બંધાવતા. આવી ઇમારતોને સુંદર કલાત્મક રૂપ આપીને તેને અમરત્વ આપવા પ્રયત્નો કરતા.

વાવને પથ્થરના પાટડાઓથી બાંધવામાં આવતી અને લગભગ છ કે સાત માળ રહેતા. તમામ શિલાઓ, ગોખલાઓ વગેરે કલાકૃતિઓથી ભરી દેવામાં આવતા. ગુજરાતમાં ખાસ કરીને સોલંકી યુગમાં આવી વાવોનું બાંધકામ વધારે થયેલું જોવા મળે છે.

પાટણની રાણીની વાવ, અડાલજની વાવ, અમદાવાદની દાદા હરિની વાવ, વઢવાણની માધાવાવ વગેરે વાવો તેમની સુંદર શિલ્પ કોતરણી માટે પ્રખ્યાત છે. વાવની રાણી એટલે પાટણની રાણીની વાવ.

ગુજરાત રાજ્યમાં પાટણ જિલ્લામાં પાટણ શહેરમાં રાણકી વાવ આવેલી છે. પાટણ સોલંકી વંશની રાજધાની હતી. આ શહેર સરસ્વતી નદીના કિનારે આવેલું છે. ત્યાં આજે પણ જૂનાં શિલ્પ સ્થાપત્યોના અવશેષો જોવા મળે છે. રાણીની વાવની દીવાલોમાં નાનામોટા ગોખલાઓ મૂકવામાં આવ્યા છે. તેમાં અદ્દભુત શિલ્પકૃતિઓ કંડારવામાં આવી છે. પુરાતત્ત્વ ખાતાની દેખરેખ હેઠળ રાખવામાં આવી છે રાણીની વાવને યુનેસ્કો (UNESCO-The United Nations Educational, Scientific and Cultural Organization) દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટમાં (વૈશ્વીક વારસો) સમાવેશ કરવામાં આવ્યો છે. અનેક કલા રસિકો તેનો અભ્યાસ કરવા માટે મુલાકાતે આવે છે અને તેની બેનમૂન કોતરણી જોઈને મંત્રમુગ્ધ બની જાય છે. રાણીની વાવની શિલ્પકૃતિઓમાં 'શિલ્પ સુંદરી' અને 'મહિષાસુર મર્દિની'ના શિલ્પ અત્યંત મોહક છે. સોલંકી યુગ વાવના બાંધકામનો યુગ ગણાય છે. સોલંકી રાજા ભીમદેવની રાણી ઉદયમતીએ પાટણમાં રાણીની વાવ અગિયારમી સદીમાં બંધાવી હતી.



રાણીની વાવ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



રાણીની વાવ



મહિષાસુર મર્દિની (રાણીની વાવ)



શિલ્પ સુંદરી (રાણીની વાવ)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(3) સરખેજનો રોજો:**

મુસ્લિમ સ્થાપત્યોમાં રોજાનું બાંધકામ વિશેષ થયેલું જોવા મળે છે. સૂફી સંતોની કબર ઉપર કરેલા બાંધકામને રોજો કહેવામાં આવે છે. જે ઈસ્લામના પવિત્ર સ્થળો તરીકે ઓળખાય છે.



**સરખેજનો રોજો**

અમદાવાદની નજીક આવેલાં સરખેજ ગામમાં આવેલો આ રોજો 'સરખેજનો રોજો' કહેવાય છે. મુસ્લિમ સંત શિરોમણી શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ અમદાવાદના શહેનશાહ અહમદશાહના ગુરૂ હતા. તેમની યાદમાં મહંમદ બેગડાએ આ રોજો બંધાવવાની શરૂઆત કરી હતી.

સરખેજના રોજાનું બાંધકામ ઈ. સ. 1451માં તત્કાલીન બાદશાહ કુત્બુદ્દીને પુરું કરાવ્યું હતું. આ રોજાની બાજુમાં મહંમદ બેગડાની કબર તથા તેમનો મહેલ પણ આવેલાં છે. તળાવના કિનારે આવેલી આ ઈમારતોના સમૂહની ગણના અમદાવાદના સુંદર અને કલાત્મક સ્થાપત્યોમાં થાય છે. અહીં દીવાલો ઉપર જડાયેલી જાળીઓ અનેક પ્રકારની



**સરખેજના રોજાની જાળીઓનું કોતરકામ**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સુંદર ભૌમિતિક આકારોવાળી ભાત, કલાત્મક ઘુમ્મટો, થાંભલા અને કોતરણીયુક્ત ઝરૂખા વગેરે તેની ઉત્તમ સુશોભન રચનાની ગવાહી પૂરે છે.

આ રોજામાં કેટલીક જાળીઓ પિત્તળની ધાતુમાંથી બનેલી છે. તેનું બારીક નકશીકામ અમદાવાદની સીદી સૈયદની જાળીની સાથે સરખાવી શકાય એટલી નાજુક અને કલાત્મક છે. આ રોજો ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. તેથી મુસ્લિમોનું પવિત્ર તીર્થધામ ગણાય છે. સખત પથ્થરને મીણની જેમ મુલાયમ કોતરણી યુક્ત બનાવી તૈયાર કરેલ આ 'સરખેજના રોજા'ને જોઈને તે સમયના કલાકારોની કલા સાધનાની પ્રતીતિ થાય છે.

'સરખેજનો રોજો' ગુજરાતના રોજાઓમાં સૌથી મોટા કલાત્મક રોજા તરીકે ખ્યાતિ ધરાવે છે.

**(4) હઠીસિંગના દહેરા:**

માઉન્ટ આબુમાં આવેલા દેલવાડાના જૈન મંદિરોની સામ્યતા ધરાવતાં હઠીસિંગના દહેરા અમદાવાદમાં દિલ્હી દરવાજાની બહાર જવાના રસ્તા ઉપર જમણી બાજુએ આવેલા છે. આ 52 જિનાલય વાળું ધર્મનાથ ભગવાનનું વિશાળ જૈન મંદિર છે.



હઠીસિંગના દહેરા



**વાદ્ય ધારીણી- હઠીસિંગના દહેરા**

સુંદર કોતરણી યુક્ત જાળીઓ, ઝરૂખાઓની કોતરણી, મંદિરનું પ્રવેશદ્વાર અને કલાત્મક કમાનો તેની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

આ મંદિરનું બાંધકામ ઈ. સ. 1848માં જૈન શ્રેષ્ઠી શ્રી હઠીસિંગ અને તેમનાં ધર્મ પત્ની હરકુંવર શેઠાણીએ તે વખતના સિદ્ધહસ્ત સ્થપતિ શ્રી પ્રેમચંદ સલાટ પાસે કરાવ્યું હતું. સ્તંભો, સ્તંભશિર્ષ, મંદિરની છત તેમજ બહારના ભાગમાં વિવિધ અંગભંગિઓ ધરાવતી નર્તકીઓ અને વાદ્ય ધારીણીઓ સૌંદર્યનું અનોખું વાતાવરણ સર્જે છે. આ દેવાલય તે સમયની સ્થાપત્યની કલાને બિરદાવતું જૈન ધર્મનું પવિત્ર તીર્થ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### (5) રાણી સિપ્રીની મસ્જિદ:

અમદાવાદમાં આસ્ટોડિયા દરવાજાની બાજુમાં આવેલી રાણી સીપ્રીની મસ્જિદ, અમદાવાદની જ નહિ પરંતુ ભારતભરની સુંદર મસ્જિદોમાંની એક છે. ઈ. સ. 1454માં મહંમદ બેગડાએ તેમની રાણી સિપ્રીની યાદમાં બંધાવી હતી. આ મસ્જિદ ખૂબ જ નમણી અને નાજુક છે. તેથી 'મસ્જિદ-એ-નગીના' તરીકે ઓળખવામાં આવે છે તેમજ તેને 'અમદાવાદનું રત્ન' પણ કહે છે.

આ મસ્જિદના મિનારા અને જાળીઓ અત્યંત કલાત્મક છે. આ મસ્જિદના સ્થાપત્યમાં હિન્દુ સ્થાપત્યોમાં હોય તેવા ગોખલાં, ખૂણાઓ, સ્તંભો અને આધાર શિલાઓ શિલ્પથી સભર છે. તેથી હિન્દુ અને મુસ્લિમ શૈલીનું સંમિશ્રણ, મિનારાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ અહીં જોવા મળે છે.

અહીં આવેલા મિનારા નાજુક કોતરણીથી સભર છે તેથી તે વિશ્વભરમાં ખ્યાતિ પામ્યા છે.



રાણી સિપ્રીની મસ્જિદ




રાણી સિપ્રી મસ્જિદના કલાત્મક ઝરૂખા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(6) ચાંપાનેરનો કિલ્લો :** ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલ ઐતિહાસિક સ્થાપત્ય ચાંપાનેર સુલતાન મહંમદ બેગડાએ વસાવ્યું હતું. ચાંપાનેર પાવાગઢ પર્વતની તળેટીમાં આવેલું છે. પાવાગઢ પર્વતની ટોચે મહાકાળીનું મંદિર આવેલ છે. ચાંપાનેર હિન્દુ, મુસ્લિમ અને જૈન ધર્મના શિલ્પના અવશેષ ધરાવતું નગર છે. ચાંપાનેરના કિલ્લાની દીવાલો સોલંકી યુગમાં બની હતી.



ચાંપાનેરનો કિલ્લો



ચાંપાનેર કિલ્લાનું દૃશ્ય

વડોદરા હેરિટેજ ટ્રસ્ટ દ્વારા ચાંપાનેરના 114 જેટલા સ્થાપત્યોની યાદી બનાવવામાં આવી હતી તેમાંના 39 જેટલા સ્થાપત્યો યોગ્ય રીતે જળવાયેલ છે. યુનેસ્કો (UNESCO) દ્વારા ચાંપાનેરના સ્થાપત્યને જુલાઈ 2004માં વર્લ્ડ હેરિટેજ સાઈટમાં (વૈશ્વિક વારસો) સ્થાન મળેલ છે.

ચાંપાનેરના કિલ્લાના મહત્ત્વપૂર્ણ શિલ્પ સ્થાપત્યોમાં ગુઢામંડપ, અર્ધમંડપ, લકુલીશ, દક્ષિણામૂર્તિ, બ્રહ્મા, વિષ્ણુ, ગજેન્દ્ર મોક્ષ સૌર સુંદરી, અંબિકા, ઈન્દ્ર અને શિવના વિવિધ સ્વરૂપો હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરે છે. સુપાર્શ્વનાથ અને ચન્દ્રપ્રભા જૈન મંદિરો પણ આવેલા છે. ચાંપાનેરના મુસ્લીમ સ્થાપત્યમાં જામા મસ્જિદ, કેવડા મસ્જિદ, બોહરાની સહર કી મસ્જિદ, લીલાગુંબજ મસ્જિદ, ખજૂરી મસ્જિદ, કબુતરખાના, એક મિનાર મસ્જિદ વગેરે મુગલ સ્થાપત્યો જોવાલાયક છે. ચાંપાનેર અને પાવાગઢને જોડતા કુલ આઠ જેટલા મુખ્ય દરવાજા છે. (1) અટકા દરવાજો, (2) બુઢિયા દરવાજો, (3) મોતી દરવાજો, (4) સતમંજિલ દરવાજો (5) ગુલાન બુલાન દરવાજો, (6) બુલંદ દરવાજો, (7) મકાઈ દરવાજો (8) તારાપોર દરવાજો. આમ ચાંપાનેરનો કિલ્લો ગુજરાત રાજ્યના શિલ્પ સ્થાપત્યનો અમૂલ્ય વારસો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) ચારે બાજુ ફેરવીને જોઈ શકાય તેવા શિલ્પને ________ શિલ્પ કહે છે.

(2) ________ના સમયમાં મોઢેરાનું સૂર્યમંદિર બાંધવામાં આવેલું છે.

(3) પાટણની રાણકી વાવ ________એ બંધાવી હતી.

(4) હઠીસિંગના દહેરા આબુમાં આવેલા ________ના જૈન મંદિરની સામ્યતા ધરાવે છે.

(5) ________ મસ્જીદ ભારતના સુંદર મસ્જીદોમાંની એક છે.

**2. નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ આપી જવાબ લખો.**

(1) નીચે આપેલા પૈકી કયું શિલ્પ મોઢેરાના સુર્યમંદિરમાં જોવા મળે છે ?

(A) બ્રહ્મા (B) દર્પણ કન્યા (C) મહિષાસૂર મર્દિની (D) વાદ્ય ધારિણીઓ ________

(2) કયો રોજો ગુજરાત સૌથી મોટા કલાત્મક રોજા તરીકે ખ્યાતિ ધરાવે છે ?

(A) ચાંપાનેર (B) રાણી સિપ્રી (C) ઝુલતા મિનારા (D) સરખેજ ________

(3) વાવનું બાંધકામ કયા યુગમાં થયેલું જોવા મળે છે ?

(A) મોગલ યુગ (B) મુસ્લિમ યુગ (C) સોલંકી યુગ (D) જૈન યુગ ________

(4) હઠીસિંગના દહેરા કેટલા જિનાલય ધરાવતું જૈનમંદિર છે ?

(A) 52 (B) 32 (C) 57 (D) 25 ________

(5) યુનેસ્કો દ્વારા ચાંપાનેરના સ્થાપત્યને કઈ સાલમાં વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી ?

(A) 2000 (B) 2004 (C) 2014 (D) 2008 ________

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) પૂર્ણમૂર્ત શિલ્પ એટલે શું ?

________________________________________

(2) કયું સ્થાપત્ય કર્કવૃતની રેખા ઉપર પૂર્વાભિમુખ છે ?

________________________________________

(3) રાણીની વાવ (રાણકી વાવ) કયાં આવેલી છે ?

________________________________________

(4) મહંમદ બેગડાએ કોની યાદમાં સરખેજનો રોજો બાંધવાની શરૂઆત કરી હતી ?

________________________________________

(5) હઠીસિંગના દહેરાના સ્થપતિ કોણ હતા ?

________________________________________

(6) ચાંપાનેર કયા પર્વતની તળેટીમાં આવેલું છે ?

________________________________________

(7) ચાંપાનેર અને પાવાગઢને જોડતા કેટલા મુખ્ય દરવાજા છે ?

________________________________________

(8) હઠીસીંગના દહેરા કયા ધર્મનું તીર્થધામ છે?

________________________________________

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


# 4 પ્રખ્યાત ગુફામંદિરો

## (1) અજંતાની ગુફાઓ

ગુપ્તકાળ ભારતીય કલા અને સંસ્કૃતિનો સુવર્ણયુગ ગણાય છે. તે સમયની ચિત્ર સાધનાનું ઉત્તમ ઉદાહરણ અજંતાના ગુફા ચિત્રો છે. આ ચિત્રો બૌદ્ધ ધર્મના છે. તેમાં બુદ્ધનું જીવન, જાતકકથા, ફૂલપાન, પક્ષી અને પ્રાણીઓના ચિત્રો પણ જોવા મળે છે.

અજંતાની ગુફાઓ મહારાષ્ટ્રના ઔરંગાબાદથી 57 કિલોમીટર અને જલગાંવ પાસેના ફર્દાપૂરથી 6 કિલોમીટર દૂર આવેલી છે. 29 ગુફાઓ ધરાવતા આ સ્થળની બાજુમાં અજંતા ગામ આવેલું હોવાથી 'અજંતાની ગુફાઓ' તરીકે ઓળખાય છે. આ ગુફાઓ વાઘોરા નદીના કિનારે આવેલી છે.

ઈ. સ. 1819માં ચેન્નઈ(મદ્રાસ)ના અંગ્રેજ અમલદાર જૅમ્સ ફર્ગ્યુસને આ ગુફા જોઈ અને ગુફાઓનો જગતને પરિચય કરાવ્યો. 1951માં ભારત સરકારે અજંતાની ગુફાઓને રાષ્ટ્રીય કલા સંપત્તિ જાહેર કરી. બૌદ્ધ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાથી પ્રેરાઈને એ સમયના બૌદ્ધ સાધુઓએ બૌદ્ધ ધર્મનો ભવ્ય ઇતિહાસ ચિત્રો દ્વારા ચિરંજીવી બનાવ્યો છે.



**અજંતાની ગુફાઓનો પ્રવેશદ્વાર**

### ચૈત્ય અને વિહાર ગુફાઓ :

અજંતામાં બે પ્રકારની ગુફાઓ છે. (1) ચૈત્ય ગુફાઓ અને (2) વિહાર ગુફાઓ

(1) ચૈત્ય ગુફાઓ : ચૈત્ય ગુફાઓ એટલે બૌદ્ધ સાધુઓનું પ્રાર્થના અને ઉપાસના કરવાનું સ્થાન

(2) વિહાર ગુફાઓ : વિહાર ગુફાઓ એટલે બૌદ્ધ સાધુઓને નિવાસ અને અધ્યયન કરવાનું સ્થાન.

અજંતાની બધી ગુફાઓ અર્ધવર્તુળાકારે (ઘોડાની નાળનો આકાર) આવેલી પર્વતમાળાઓમાં કોતરી કાઢવામાં આવી છે. આ ગુફા મંદિરોમાં બૌદ્ધ ધર્મની જાતક કથાઓ તથા ભગવાન બુદ્ધના જીવન પ્રસંગોને કેન્દ્રમાં રાખીને ચિત્રો કરેલાં છે.

### અજંતાની ચિત્ર વિધાન પદ્ધતિ:

અજંતાની ગુફાઓમાં ખડકોની વિશાળ અને ખરબચડી દીવાલો અને છતો ઉપર જ્યાં ચિત્રકામ કરવાનું હોય ત્યાં દીવાલોની સપાટી થોડીક ખોદીને (ટાંકીને) સરખી કરવામાં આવતી, ત્યારબાદ છાણ, માટી અને ઘાસનું ભૂસું ભેળવીને ગારો તૈયાર કરવામાં આવતો. તેનું આ દીવાલો ઉપર લીંપણ કરવામાં આવતું ત્યારબાદ તેની ઉપર ચૂનાનું પાતળું અસ્તર લગાડવામાં આવતું. આ દીવાલો ઉપર ગેરુ રંગથી ચિત્રનું રેખાંકન કરવામાં આવતું. પછી તેમાં રંગકામ થતું. આ પદ્ધતિને ફ્રેસ્કો પદ્ધતિનાં ચિત્રો કહેવાય છે.

અજંતાના કલાકારોએ અપનાવેલી આ વિશિષ્ટ ચિત્ર પદ્ધતિને કારણે આ ગુફામંદિરોનાં ચિત્રો 1500 થી 2000 વર્ષ જેટલા લાંબા સમય સુધી ટકી શક્યા છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અજંતાના કેટલાંક પ્રખ્યાત ગુફા ચિત્રો

**(1) માર આક્રમણ :** માર આક્રમણનું ચિત્ર એક નંબરની ગુફામાં ગર્ભમંદિરની ભીંત ઉપર આવેલું છે. આ ચિત્ર $3^1/_2$ મીટર ઊંચુ અને $2^1/_2$મીટર પહોળું છે. માર એટલે કામદેવ અર્થાત્ પ્રલોભન કામદેવની સેના ભગવાન બુદ્ધને ઘેરી વળી છે. એમને ચલાયમાન કરવા મથતી અનેક કામિનીઓ વચ્ચે પણ ભગવાન બુદ્ધ સ્થિર, સૌમ્ય અને શાંત ભાવે બેઠેલા છે. બુદ્ધના શાંત ભાવોનું દર્શન કરાવતું આ ચિત્ર કલાત્મક છે.



માર આક્રમણ (ગુફા નં. 1)

**(2) ઊડતા ગાંધર્વ :** આકાશમાં વિહાર કરતાં ગાંધર્વો વાંસળી વાદન, મંજીરા વાદન અને નૃત્ય કરતા જોવા મળે છે. ગાંધર્વોની અંગભંગીઓ, તેમના હાથની કલાત્મક મુદ્રાઓવાળી નાજુક આંગળીઓના આલેખનમાં ભાવનાત્મક સુંદરતા જોવા મળે છે.

અહીં દેવ દાનવ, યક્ષ કિન્નર જેવા ચિત્રો પણ થયાં છે. ભાવને અનુરૂપ લયયુક્ત રેખાઓ પણ સહજ રીતે જ નર્તન કરતી વહે છે. પાત્રોના અંગ, મરોડ, મુલાયમ વસ્ત્રો, મસ્તક પરનો અલંકૃત મુગટ, કેશ ગુંથન અને તેના શૃંગાર ઓછાં વસ્ત્ર પરિધાન કરેલા નારી પાત્રો આપણું ધ્યાન ખેંચે છે.

ઈન્દ્રસભામાં ગાંધર્વોનું કાર્ય સંગીત રેલાવવાનું હોય છે તેમનું સંગીત મનને ડોલાવવા અને નૃત્ય કરવા પ્રેરે છે. આ ચિત્રમાં ગાંધર્વો મુક્ત મને ઉડતાં દેખાય છે.



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com



ઊડતા ગાંધર્વ

**(3) અપ્સરા :** આકાશમાં વિહાર કરતી શ્યામવર્ણ અપ્સરાનું ચિત્ર 17 નંબરની ગુફામાં જોવા મળે છે. જેમાં વાદળમય આકાશમાં ઉડ્ડયન કરતી અપ્સરાઓ જોવા મળે છે. તેમના માથા ઉપર રત્નજડિત સુશોભિત મુગટ, કાનનાં આભૂષણો, ગળાના કલાત્મક હાર અંધકારમાં હીરાની જેમ ચમકે છે. મંજીરા ધારણ કરેલા હાથની આંગળીઓ અને ઉડતા લાગે તેવા આભૂષણોનું આલેખન અપ્સરાના ચિત્રને અત્યંત મોહક બનાવે છે. આ ચિત્ર નારીની ભવ્યતા દર્શાવે છે. આ ભવ્ય અને મનોહર અપ્સરાનું ચિત્ર અજંતાની કલાકારની દીર્ઘદૃષ્ટિનો ખ્યાલ આપે છે.

**(4) ચંપેય જાતક :** એક નંબરની ગુફામાં આવેલું ચંપેય જાતકનું ચિત્ર આપણું ધ્યાન ખેંચે છે. એક કાળે બોધિસત્વે નાગરાજ ચંપેય તરીકે જન્મધારણ કર્યો છે. મદારીના હાથે બંદીવાન બનેલા નાગરાજ ચંપેયને કાશીરાજ ઉગ્રસેન મુક્ત કરે છે. કાશીરાજ નાગરાજને પોતાની નગરીમાં લઈ જાય છે અને નાગરાજ તેમને બોધ આપે છે. સમગ્ર ચિત્રાવલીમાં નાગરાજ અને કાશીરાજના મિલનનું આલેખન ઉચ્ચ કોટિનું છે.



**અપ્સરા (ગુફા નં. 17)**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(5) બુદ્ધનો ગૃહત્યાગ :** ભગવાન બુદ્ધના જન્મ સમયે જ્યોતિષે આગાહી કરેલી કે આ રાજકુમાર મહાન સાધુ બનશે અથવા તો મહાન ચક્રવર્તી રાજા. રાજાને પોતાનો પુત્ર રાજા બને તે જ ગમે. રાજકુમાર સાધુ બને તે હેતુથી તેમનો ભોગવિલાસમાં ઉછેર કર્યો. પરંતુ જે થવાનું હતું તે જ થઈને રહ્યું એક વાર રાજકુમાર રથમાં બેસીને નગરમાં ફરવા નીકળે છે. ત્યારે હૃદય રોગી અને મૃત્યુ પામેલા વ્યક્તિના શબને જોયા પછી સારથીને પૂછે છે કે આ સંસારના દુઃખો દૂર કરવાનો કોઈ ઉપાય ખરો?

રાજકુમાર સંસારના સર્વ દુઃખ કેમ દૂર કરવાં તે સતત વિચારોમાં મગ્ન રહેતા. જગતનો ત્યાગ કરી સાધુત્વ સ્વીકારવાનું રાજકુમાર સિદ્ધાર્થ (ભગવાન બુદ્ધ) નક્કી કરે છે એક રાત ભારે મનોમંથન બાદ શયનખંડમાં સૂતેલી પત્ની યશોધરા અને પુત્ર રાહુલને સૂતા મૂકી સિદ્ધાર્થ ગૃહત્યાગ કરે છે. આ પ્રસંગચિત્રમાં ગૃહત્યાગ સમયે ભગવાન બુદ્ધના મુખ ઉપરના મનોમંથનના ભાવ કલાકારે અદ્દભૂત રીતે રજૂ કર્યા છે.

**(6) પદ્મપાણિ :** અજંતાની ગુફા નં. 1માં ડાબી બાજુની દીવાલ ઉપર બોધિસત્વ પદ્મપાણિનું વિશાળ ચિત્ર આલેખાયેલું છે. ચિત્રમાં ભગવાન બુદ્ધ પદ્મ(કમળ)ને પોતાની કોમળ આંગળીઓમાં રાખી શાંત અને સ્થિર મુખ મુદ્રામાં ઊભા છે. તેમની દૃષ્ટિમાંથી કારૂણ્ય ટપકી રહ્યું છે. આંખોના નીચાં ઢાળેલા પોપચાં એમનાં અંતરમાં રહેલી ગૂઢ શાંતિ અને વિશ્વ પ્રત્યેની કરુણાનું દર્શન કરાવે છે. મુગટ પરનું સુશોભન રૂપાળા ચહેરાને ભવ્યતા અર્પે છે. અલંકૃત, મુગટ અને ગળામાં ચમકતી માળા ચહેરાને વધુ સૌંદર્ય અર્પે છે. કદલી સ્તંભ સમા બાહુ ચિત્રમાં સ્પષ્ટ દેખાય છે. ઊભા રહેવાની ત્રિભંગ શૈલી ચિત્રમાં લય જન્માવે છે. ચિત્રમાં રેખાંકન સજીવ અને અસરકારક બન્યું છે. (પદ્મ એટલે કમળ અને પાણિ એટલે હાથ).



**પદ્મપાણિ (ગુફા નં. 1)**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



બુદ્ધ અને યશોધરા રાહુલ (ગુફા નં. 17)

**(7) બુદ્ધ અને યશોધરા રાહુલ :** 17 નંબરની ગુફાની ગર્ભગૃહની પરસાળમાં બુદ્ધ અને યશોધરા-રાહુલનું જગ વિખ્યાત ચિત્ર છે. ગૌતમ બુદ્ધ બન્યા પછી લોકોને ઉપદેશ આપવા ગામે ગામે ફરે છે. એક વાર તે પોતાની નગરી કપિલવસ્તુમાં પધારે છે. એ સમયે પોતાનાં પત્ની યશોધરા અને પુત્ર રાહુલ સમક્ષ ભિક્ષુક વિશે ઉપસ્થિત થતા બુદ્ધના અંતરમા શાં સંવેદન જન્મ્યાં હશે? યશોધરા પોતાના પુત્ર રાહુલને આગળ ધરી પોતાના પતિ સમક્ષ નહિ પરંતુ જગતના લોકોને કલ્યાણનો માર્ગ દેખાડતા મહામાનવ સમક્ષ ઊભી છે. ચિત્રમાં બુદ્ધને પ્રમાણમાં ખૂબ મોટા ચીતર્યા છે. બુદ્ધની મોટી અને ભવ્ય આકૃતિ આલેખીને કલાકારે તેમના દિવ્ય વ્યક્તિત્વની મહાનતા અને ભવ્યતા પ્રગટ કરી છે.

**(8) અજંતાનાં ભાત ચિત્રો :**

અજંતાની ગુફા નંબર એક અને બેની દીવાલો અને છતો ઉપર ભાત ચિત્રો જોવા મળે છે. ભગવાન બુદ્ધના જીવન પ્રસંગો અને જાતકકથા તથા સુંદર ભાતચિત્રોનું આલેખન કર્યું છે. જેમાં પ્રાણીઓ, પક્ષીઓ, વેલ, વૃક્ષો ફૂલો, હાથીઓ, હંસ ખીલેલા કમળ તેમજ કમળ પાંખડીઓનું સુંદર ચિત્રાંકન કર્યું છે. માનવપાત્રો હાથની આંગળીઓની જુદી જુદી મુદ્રાઓ દ્વારા કોમળતાનો ખ્યાલ આપ્યો છે.



રાજકુમારી (ગુફા નંબર - 2)



અજંતાના ભાતચિત્રો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભાત ચિત્રમાં સચોટ અને ભાવપૂર્ણ લયયુક્ત રેખાંકનની સાથે વિષયને અનુરૂપ લાલ, પીળો, સફેદ, કથ્થાઈ, ભૂરો અને લીલો રંગ જેવા મર્યાદિત રંગોનો ઉપયોગ કરી ચિત્રકારોએ જે ભાત રચના કરી. છે. તે અદ્દભુત અને અનુપમ છે.

**(2) ઈલોરાની ગુફાઓ :**

વિશાળ ખડકોમાં નિર્માણ પામેલી દેવ મંદિર સમી ઈલોરાની ગુફાઓ એ યુગના સ્થપતિઓ અને શિલ્પીઓની કલા સાધના અને સૌંદર્યદષ્ટિના સમર્થ પુરાવા છે.

મહારાષ્ટ્ર રાજ્યના ઔરંગાબાદથી 17 કિલોમીટર અને અજંતાથી 96 કિલોમીટર દૂર ઈલોરાની ગુફાઓ આવી છે. અહીં બૌદ્ધ હિંદુ અને જૈન એ ત્રણેય ધર્મોનું પ્રતિનિધિત્વ કરતી 34 ગુફાઓ છે.

'વિશ્વકર્માની ઝૂંપડી'ની ગુફા નોંધપાત્ર છે. અંદરની બાજુએ ચૈત્ય મંદિર છે. અહીં ગાંધર્વો, અપ્સરાઓ, ભિક્ષુઓ, ભિક્ષુણીઓ વગેરેના સુંદર શિલ્પો છે.

હિન્દુ (બ્રાહ્મણ) ધર્મની ગુફાઓ ઘણી જ વિશાળ છે તેમાં 'રાવણની ખાઈ' અને 'દશાવતાર ગુફા' જાણીતી છે. ઈન્દ્રસભાની ગુફા જૈન ધર્મની જાણીતી ગુફા છે.

ઈલોરાની ગુફાઓનાં જાણીતા શિલ્પ-સ્થાપત્યોની જાણકારી મેળવીએ.



**કૈલાસ મંદિર - ઈલોરા**

**(1) દશાવતાર ગુફા : ( ગુફા નં. 15 )**

આ ગુફા બે માળની છે. અહીં ઓસરી અનિયમિત આકારની છે. ઉપરના વિશાળ ખંડોસ્તંભો ઉપર ટકેલા છે. અહીં તેમના નામ પ્રમાણે દશાવતાર દશ્યો જોવા મળે છે. ભગવાન શિવ તથા વિષ્ણુના જીવન ઉપર આધારિત શિલ્પો ઘણાં જ મોટાં છે. તારકાસુર વધ કરવા જતા શિવનું આકર્ષક શિલ્પ અને શિવલિંગ મહાત્મ્યનાં શિલ્પો આકર્ષક છે. આ ગુફામાં નૃરસિંહ અને હિરણ્યકશ્યપ વચ્ચે યુદ્ધનું વિરાટ શિલ્પ ખૂબ ભવ્ય અને આકર્ષક છે અહીં ભયાનક (રૌદ્ર) અને વીરરસનું દર્શન થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(2) રાવણની ખાઈ (ગુફા નં. 14)**

દક્ષિણ દિશા તરફ ચોપાટ રમતાં શિવપાર્વતી, શિવ તાંડવ અને રત્નાસુર વધના પ્રસંગો આલેખાયેલાં છે. ઉત્તર તરફની દીવાલ ઉપર વરાહ અવતાર વિષ્ણુ પોતાના દંતશૂળની ઉપર પૃથ્વીને ધારણ કરી રહેલા હોય એવું દૃશ્ય કંડારાયેલું છે. બીજા એક દૃશ્યમાં ચતુર્ભુજ વિષ્ણુ વૈકુંઠમાં બેઠેલા છે. આ ઉપરાંત આ ગુફામાં મહિષાસુર મર્દિનીનું શિલ્પ પણ આકર્ષક છે.

**(3) દૂમરલેણ (ગુફા નં. 20)**

આ ગુફામાં શિવપાર્વતીના લગ્નપ્રસંગનું તેમજ શિવનાં અન્ય સ્વરૂપોનું સુંદર આલેખન થયેલું છે.



**મહિષાસુર મર્દિનીનું શિલ્પ**



**(4) ઈન્દ્રસભા (ગુફા નં. - 32)**

જૈન ધર્મની 30 થી 34 નંબરની આ ગુફાઓ સૌથી આકર્ષક છે. તેમાં 32 નંબરની ગુફામાં આવેલી ઈન્દ્રસભા શિલ્પકામથી સભર છે. આ ગુફા શિલ્પકલાની દૃષ્ટિએ સૌથી ઉત્કૃષ્ટ મનાય છે. અહીં ભગવાન મહાવીર સ્વામીની ભવ્ય પ્રતિમા છે ઉપરાંત પાર્શ્વનાથ અને ગોમટેશ્વર બાહુબલીનાં મનોહર શિલ્પો છે. અહીં જૈન તીર્થંકર ઉપરાંત ગણેશ અને નગાધિરાજની મૂર્તિ અત્યંત મનમોહક છે.

**ગોમેટેશ્વર બાહુબલી (ઈન્દ્રસભા)**

**(3) ઍલિફન્ટાની ગુફા :**

ઍલિફન્ટાની ગુફાઓ મુંબઈના દરિયાકિનારાથી 12 કિલોમીટર દૂર ધારાપુરી નામના ટાપુ ઉપર આવેલી છે. તેથી તેને ધારાપુરીની ગુફાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઍલિફન્ટાની ગુફાઓ શૈવ ધર્મની છે. અહીંયા લગભગ 11 ગુફાઓ છે. પરંતુ માત્ર એક જ ગુફામાં શિલ્પકામ થયેલું છે. અહીંનું પ્રખ્યાત શિલ્પ ‘ત્રિમૂર્તિ’ છે. ‘ત્રિમૂર્તિ’ એટલે ત્રણ મુખવાળી મૂર્તિ આ મૂર્તિમાં શિવના ત્રણ સ્વરૂપો સત્યમ્ શિવમ્ સુંદરમ્ (સૌમ્ય, રુદ્ર અને ધ્યાનસ્થ)નું નિરૂપણ થયેલું છે. આ મૂર્તિ લગભગ 22 ફૂટ ઊંચી છે. તેનો મુગટ વિશાળ છે. ગુફાની આગળ પ્રવેશ દ્વારની બંને-બાજુ 22 ફૂટ ઊંચા બે દ્વારપાળોનાં શિલ્પો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ત્રિમૂર્તિ (એલિફન્ટાની ગુફા)



દ્વારપાળ (એલિફન્ટાની ગુફા)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) બાઘની ગુફાઓ :

બાઘની ગુફાઓ મધ્ય પ્રદેશમાં ગ્વાલિયર પાસે આવેલી છે. વિધ્યાચળ પર્વતમાળામાં બાઘ નદીના કિનારે આવેલી હોવાથી આ ગુફાઓ બાઘની ગુફાઓ તરીકે જાણીતી છે. આ ગુફાઓનો સમય ઈ. સ. પાંચમી સદીનો ગણાય છે. આ શૈલી અજંતા શૈલી સાથે સામ્ય ધરાવે છે. કેટલીક ગુફાઓમાં ભગવાન બુદ્ધની અને બોધિસત્વની પ્રતિમાઓ જોવા મળે છે. અજંતાની જેમ અહીં યક્ષ અને નાગનાં શિલ્પ કંડારેલાં છે.

અહીં 9 ગુફાઓ આવેલી છે. તેની દીવાલ પર અનેક સુંદર ચિત્રો આલેખાયેલાં છે પણ તેમનો મોટો ભાગ નષ્ટ થયેલો હોવાથી તે અંગેની વિગતો પ્રાપ્ત થઈ શકતી નથી.

એક દૃશ્યમાં એક નર્તકની આસપાસ છ વાજિંત્ર વગાડનાર સ્ત્રીઓ ઊભેલી છે. એકના હાથમાં મૃદંગ, બીજાના હાથમાં મંજીરા અને અન્યના હાથમાં દાંડિયા. ગુજરાતમાં રમાતા દાંડિયા રાસનું ગતિમય દર્શન આ ચિત્રોમાં જોવા મળે છે.



બીજું ચિત્ર ઘોડેસવારી અને છ હાથીઓવાળા સરઘસનું સુંદર ચિત્ર અહીં છે તેમાં શિરછત્ર, ચૌરી અને રાજાનું પ્રતિક લઈને જતા રાજદરબારીઓ સાથે સ્ત્રી સમુદાયનું નગર ઉત્સવ જેવું લાગતું કલાત્મક આલેખન જોવા મળે છે.

ત્રીજું ચિત્ર બે સ્ત્રીઓનું છે એક સ્ત્રી મોઢું ઢાંકીને રુદન કરે છે. જ્યારે બીજી સ્ત્રી તેને સાંત્વન આપે છે. આ બંને સ્ત્રીઓના મુખ ઉપરના ભાવ યોગ્ય રીતે રજૂ કરીને કલાકારોએ તેની કલાસૂઝનો પરિચય કરાવ્યો છે. 'રંગમહેલ' નામે જાણીતું ચિત્ર ઘણું જ લાંબુ અને અનેક રંગોથી ભરેલું છે.

અજંતાની જેમ અહીં યક્ષ અને નાગનાં શિલ્પ કંડારેલાં છે પણ તેમાંના મોટે ભાગે નષ્ટ થયેલાં હોવાથી તે અંગેની વિગત પ્રાપ્ત નથી. માત્ર જૂજ ચિત્રો જ ટકી શક્યાં છે.

ચિત્રના આલેખનમાં બાઘ ગુફાનાં ચિત્રો અજંતાનું સાતત્ય ધરાવે છે. રંગ અને રેખામાં એક પ્રકારની સંવાદિતા જોવા મળે છે. આમ છતાં ભાવની અભિવ્યક્તિમાં નબળાઈ દેખાય છે. અઘોરી બાવાઓની ધૂણીના ધૂમાડાથી તેમજ યોગ્ય જાળવણીના અભાવે આ ગુફાઓમાં ચિત્રો નષ્ટ થયેલાં છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) ________ ગુફાઓ એટલે બૌદ્ધ સાધુઓનું પ્રાર્થના અને ઉપાસના કરવાનું સ્થાન.

(2) ઈન્દ્રસભામાં ________નું કાર્ય સંગીત રેલાવાનું હોય છે.

(3) ________નંબરની ગુફાની ગર્ભગૃહની પરસાળમાં બુદ્ધ અને યશોધરા-રાહુલનું જગવિખ્યાત ચિત્ર છે.

(4) બાઘની ગુફાઓ મધ્યપ્રદેશમાં ________પાસે આવેલી છે.

(5) ચિત્રના આલેખનમાં બાઘ ગુફાનાં ચિત્રો ________ સાતત્ય ધરાવે છે.

**2. નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ આપી જવાબ લખો.**

(1) ભારત સરકારે કઈ સાલમાં અજંતાની ગુફાઓને રાષ્ટ્રીય કલા સંપત્તિ જાહેર કરી.

(A) 1851 (B) 1941 (C) 2000 (D) 1951

(2) બૌદ્ધના શાંત ભાવોનું દર્શન કરાવતું ચિત્ર કઈ ગુફામાં આવેલું છે ?

(A) ચંપેય જાતક (B) અપ્સરા (C) માર આક્રમણ (D) પદ્મપાણિ

(3) ગુફા નં. 1 માં ડાબી બાજુની દીવાલ ઉપર કયું વિશાળ ચિત્ર આલેખાયેલું છે ?

(A) બુદ્ધ યશોધરા રાહુલ (B) અપ્સરા

(C) ચંપેય જાતક (D) પદ્મપાણિ

(4) કઈ ગુફામાં શિવપાર્વતીના લગ્ન પ્રસંગનું તેમજ શિવના અન્ય સ્વરૂપોનું સુંદર આલેખન થયેલું છે ?

(A) રાવણની ખાઈ (ગુ. ફા. નં. 14) (B) દૂમરલેણ (ગુ. ફા. નં. 20)

(C) ઈન્દ્રસભા (ગુ.ફા. નં. 32) (D) દશાવતાર (ગુ. ફા. નં. 15)

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) અજંતાની ગુફાઓનો જગતને પરિચય કરાવવાનું માન કોને ફાળે જાય છે ?

________________________________

(2) અજંતાના ગુફાચિત્રો કઈ પદ્ધતિનાં ચિત્રો કહેવાય છે ?

________________________________

(3) ગુફા નં. 17માં કયું ચિત્ર જોવા મળે છે ?

________________________________

(4) નરસિંહ અને હિરણ્યકશ્યપ વચ્ચેના યુદ્ધનું વિરાટ શિલ્પ કઈ ગુફામાં આવેલું છે ?

________________________________

(5) ઈલોરાની ગુફા અજંતાથી કેટલા કિલોમીટર દૂર આવેલી છે ?

________________________________

(6) કઈ ગુફાઓ ધારાપુરીની ગુફાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે ?

________________________________

•




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5 નામાંકિત ચિત્રકારો

## 1 શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરી (ઈ.સ. 1899 થી ઈ.સ. 1975)



શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરીનો જન્મ ઈ. સ. 1899માં બંગાળ (બાંગ્લાદેશ)ના રંગપુર જિલ્લામાં તાજહટ ગામમાં થયો હતો. નાની ઉંમરે માતાની છત્રછાયા ગુમાવી હોવાથી તેમને ઉછેરવાની જવાબદારી તેમના પિતાશ્રીએ નિભાવી હતી. પિતાશ્રીની ઇચ્છા તેમને બહાદુર નેકદિલ ઇન્સાન બનાવવાની હતી. તેથી તેમનું ઘડતર તે રીતે કર્યું. તેમનું મન અને શરીર મજબૂત હતાં પરંતુ હૃદય કોમળ હતું. ચિત્રકલાનો શોખ નાનપણથી જ હતો. તેઓ એક સારા શિકારી, નિષ્ણાત કુસ્તીબાજ, કુશળ બંસીવાદક અને વાર્તાલેખક જેવી બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.

કલકત્તાના 'કોરિન્થિયન' થિયેટરમાં નાટકના પડદા ચીતરનાર તરીકે અને પછીથી ચિત્ર શિક્ષક તરીકે નોકરી કરેલી. પોતે કલાના જીવ હતા તેથી અનેક સંઘર્ષોની વચ્ચે તેમણે ભારે ખંત અને નિષ્ઠાપૂર્વક કલા સાધના ચાલુ રાખી.

તેમણે એક સુપ્રસિદ્ધ ઇટાલિયન ચિત્રકાર બોઈસ (Boiass) પાસે કલાનો અભ્યાસ કર્યો. ત્યારપછી કલાગુરુશ્રી અવનીન્દ્રનાથ ટાગોર સાથે એમનો સંબંધ બંધાયો અને તેઓ કલા શાળામાં દાખલ થયા અને તેમના પ્રિય શિષ્ય બન્યા. 'લાઈફ પેઈન્ટિંગ' અને શિલ્પ કલાનું પાયાનું શિક્ષણ લીધું.

તેમના ચિત્રોમાં પૂર્વ અને પશ્ચિમની કલાશૈલીઓના તત્ત્વોનો સમન્વય કરીને પોતાની આગવી શૈલી નિપજાવી. જલરંગી ચિત્રોમાં પણ તેમને તૈલચિત્રો જેટલી જ સિધ્ધી દાખવી છે. શરૂઆતમાં તેઓ ઇન્ડિયન સોસાયટી ઑફ ઑરિએન્ટલ આર્ટ કલકત્તામાં ચિત્ર શિખવતા, ત્યારબાદ ઈ. સ. 1928માં મદ્રાસ સ્કૂલ ઑફ આર્ટમાં વર્ષો સુધી આચાર્ય પદે રહ્યા તેઓ રંગવિજ્ઞાનના જ્ઞાતા અને પ્રતિભાસંપન્ન કલાગુરુ હતા. તેમના ચિત્રોમાં પાત્રાલેખન સચોટ અને હૃદયસ્પર્શી હોય છે. રાજકુમારીના દેહની સુકુમારતા અને શ્રમજીવીના ઘાટીલા બરછટ શરીરની બલિષ્ટતા તેઓ તેમના ચિત્રમાં નિરૂપી શક્યા છે. 'લેપ્ચાકન્યા', 'અભિસારિકા', 'ભગ્ન પ્રતિમા', 'ગપાટા', 'કુતુહલ', પંખીયુગલ, મેઘનું સ્વાગત, પત્થરની દીવાલ પાછળ વગેરે તેમનાં જાણીતાં ચિત્રો છે. તેમના ચિત્રો નૅશનલ ગેલેરી ઓફ મૉર્ડન આર્ટ, હૈદરાબાદ સલારગંજ મ્યૂઝિયમ તેમજ દેશ-વિદેશના અનેક ખાનગી સંગ્રહાલયમાં છે.

શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરી જેટલા પ્રતિભાશાળી ચિત્રકાર હતા તેટલા જ સિદ્ધહસ્ત શિલ્પી પણ હતા. તેમના શિલ્પોમાં માનવદેહના અંગોપાંગના અભ્યાસ તેમના નિરૂપણમાં તેમની કલાની સૂઝનો પરિચય જોવા મળે છે. શિલ્પમાં મદ્રાસના દરિયા કિનારે મૂકેલ 'રોડ મેકર્સ' શિલ્પ ખૂબ જ જાણીતું છે. નૅશનલ ગેલેરી ઓફ મૉર્ડન આર્ટના પ્રવેશ દ્વાર પર 'શહીદોનું સ્મારક' ભારત સરકારે 500ની ચલણી નોટ પર છાપી તેમનું ગૌરવ વધારેલ હતું તેમજ 'શ્રમનો વિજય' જાણીતાં શિલ્પો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઈ. સ. 1953માં ભારતીય લલિતકલા અકાદમીના પહેલા અધ્યક્ષ બન્યા. ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ'નો ઈલકાબ આપી બહુમાન કર્યું હતું. તેમના શિષ્ય સમુદાયમાં ગુજરાતના નામાંકિત ચિત્રકારોમાં સર્વશ્રી રસિકલાલ પરીખ, શ્રી શાંતિ શાહ અને શ્રી દશરથભાઈ પટેલનો સમાવેશ થાય છે. આમ શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરી બહુમુખી પ્રતિભા ધરાવનાર જીવનના અંતિમ દિવસ સુધી કલાસર્જન કરતા રહ્યા હતા. આમ તેઓ ભારતીય કલાના ઈતિહાસમાં ચિરંજીવ રહેશે.



શહીદોનું સ્મારક શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરી



શ્રમનો વિજય શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરી




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરીનાં ચિત્રો




મૃત્યુનો દૂત



લેપ્ચા કન્યા



મુસાફિર



શિલ્પ - શ્રી દેવીપ્રસાદ રૉય ચૌધરી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 કુમારી અમૃતા શેરગિલ (ઈ. સ. 1913 થી ઈ. સ. 1941)



કુમારી અમૃતા શેરગિલ સંસ્કારી પંજાબી ગૃહસ્થ પિતા અને માતા હંગેરિયન સંગીત જ્ઞાત્રીનું સંતાન હતા. તેમનો જન્મ 30 મી જાન્યુઆરી 1913માં હંગેરીના પાટનગર બુડાપેસ્ટમાં થયો અને બાળપણ ત્યાં જ વીત્યું. ઈ.સ.1921માં ભારતમાં સિમલા આવી વસ્યાં. કલાપ્રેમી કુટુંબમાં તેમનો ઉછેર થયો હોવાથી પાંચ વર્ષની નાની ઉંમરે ચિતરવાનું શરૂ કરેલ અને 12 વર્ષની ઉંમરે તો તેણે સુંદર રેખાંકનો કરેલાં.

તે પોતે પણ પિયાનો વગાડી શકતાં તેમની કલા શક્તિ જોતાં માતાએ તેને યુરોપની કલાના કેન્દ્ર સમા પેરિસમાં કલાના અભ્યાસ અર્થે મૂક્યાં ત્યાં તેઓ કવિ અને કલાકારોના પરિચયમાં આવ્યાં. પ્રણાલીમાં ન માનનાર એવા સર્જકો પાસેથી નવા વિચાર મળ્યા. પોલગોગાંની રંગરચનાથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. આમ પશ્ચિમના દેશોના વસવાટ દરમિયાન તેમણે પોતાની ચિત્ર પદ્ધતિનો પાયો નાખ્યો. ઈ. સ. 1931માં 'યંગગર્લ્સ' ચિત્ર માટે એવોર્ડ મળ્યો.

અમૃતાને ભારત માટે ખૂબ જ ભાવ હતો તેથી ઈ. સ. 1934માં પૅરિસથી ભારત આવ્યાં. ભારતમાં મહાબલિપુરમ, મદુરાઈ અજંતા, ઈલોરા વગેરે સ્થળોથી ખૂબ જ પ્રભાવિત થયાં. આમ ભારતીય લોકજીવનના ધબકાર ઝીલી યુરોપથી મેળવેલ કલાસૂઝના સુભગ મિલન દ્વારા તેમણે અનેક સર્જનો કર્યા. તેજસ્વી રંગો, સપાટ પટ્ટો, સફેદ, કાળા ને લાલ રંગને આગવી રીતે વાપરી નવીન ચિત્રો રચ્યાં.

છાયા પ્રકાશને સ્થાને ઘૂંધળો પ્રકાશ ઉપયોગમાં લીધો. ભારતીય કલામાં આધુનિક તત્ત્વો ઉમેરવામાં તેમનો ફાળો સવિશેષ છે. તેથી તેઓ ભારતીય આધુનિક કલાના પ્રણેતા ગણાયાં.

કુમારી અમૃતા શેરગિલ જેવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે કે જેણે માત્ર 29 વર્ષની ટૂંકી કારકિર્દીમાં ચિંરજીવ તેજસ્વિતા વિપુલ સર્જનો અને ઘણું ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. લાહોરમાં તેમના ચિત્રોનું પ્રદર્શન થયેલું. તેમના મોટાં ભાગનાં ચિત્રો મૉર્ડન આર્ટ ગેલેરી ન્યૂ દિલ્હીમાં સંગ્રહીત છે.

તેમનાં જાણીતાં ચિત્રો ત્રણ બહેનો, મધર ઈન્ડિયા, કેળાં વેચનાર, ભિખારીઓ, ઊંટ, પ્રાર્થના કરતા છોકરા, નવવધુનો શણગાર, પહાડી પ્રદેશના સ્ત્રી-પુરુષો અને સેલ્ફ પોટ્રેટ મુખ્ય છે. તેઓ પંજાબના ચિત્રલેખા ગણાતાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## કુમારી અમૃતા શેરગિલના ચિત્રો



ઊંટ



હલ્દી ગ્રાઈન્ડર



યંગ ગર્લ્સ



ત્રણ બહેનો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કુમારી અમૃતા શેરગિલનાં ચિત્રો



બ્રહ્મચારીઓ




મધર ઈન્ડિયા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## 3 શ્રી કાન્તિભાઈ પટેલ (શિલ્પી) (ઈ. સ. 01-07-1925)



શ્રી કાન્તિભાઈ પટેલના પિતા બળદેવભાઈ મથુરભાઇ વ્યવસાયે તબીબ અને દેશભક્ત હોવાથી ઘરનું વાતાવરણ રાષ્ટ્રપ્રેમથી સભર હતું. તેમનો જન્મ તા. 01-07-1925માં ઈન્ડોનેશિયાના બોર્નિયા ટાપુમાં જન્મ થયો. મૂળ વતન સોજિંત્રા (જિ. આણંદ.). પ્રારંભિક શિક્ષણ સોજિત્રામાં લીધું. ગુજરાત વિદ્યાપીઠમાં કલા શિક્ષણ શ્રી દત્તા મહા પાસે, ત્યારબાદ સર જે. જે. સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સ મુંબઈમાં ચિત્રકલાનો અભ્યાસ કર્યો. પરંતુ પોતાની મુખ્ય રુચિ શિલ્પ પ્રત્યે હોવાથી મહારાષ્ટ્રના ખાંડગામમાં શ્રી તિલક વિદ્યાપીઠમાં શિલ્પકલાનું શિક્ષણ શ્રી મુંકુદ શ્રીકૃષ્ણપંધેજી પાસેથી લીધું.

ઈ.સ. 1942ની 'હિંદ છોડો' ચળવળમાં છ માસ જેલવાસ પણ ભોગવી. આમ સ્વતંત્ર સંગ્રામમાં સક્રિય ભાગ લીધો. આ દેશપ્રેમ આજીવન કલા અને જીવનમાં પ્રતિબિંબિત થયો. કલાધર્મની શરૂઆત જ અડાસના શહીદોના ભાવાત્મક શિલ્પથી કરી.

સુદીર્ઘ જીવન, સાત્વિક આચાર-વિચાર અને ઉચ્ચકક્ષાની કલા સાધનાને કારણે શ્રી કાન્તિભાઈ અનેક મહાન વિભૂતિઓના સંપર્કમાં આવ્યા. ગાંધીજી, સરદાર, વિનોબા, રવિશંકર મહારાજ, મા આનંદમયી, પૂ. મોટા, યોગીજી બાપા, પ્રમુખ સ્વામી, નારાયણ દેસાઈ, જૈન સાધ્વીઓ અને સંતો-મહાપુરુષોની પ્રીતિ અને આશીર્વાદ એમને પ્રાપ્ત થયા.

શ્રી કાન્તિભાઈએ અનેક વિશ્વ પ્રસિદ્ધ વ્યક્તિઓનાં શિલ્પો અનેક માપમાં-અર્ધપ્રતિમા, પૂર્ણકદ એમ અનેક પ્રકારે કાંસામાં કે આરસમાં બનાવ્યાં છે. સરદાર પટેલ અને મોરારાજી ભાઈ દેસાઈએ સૂવર્ણચંદ્રક આપેલ છે. ઈ. સ. 1965માં દિલ્હી લલિતકલાના ચૅરમૅનનો વિશિષ્ટ પુરસ્કાર, ઈ. સ. 1978માં ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર, ઈ. સ. 1996માં શ્રી રવિશંકર રાવળ પુરસ્કાર, હરિ ઓમ આશ્રમ તરફથી શિલ્પ નૈપુણ્યનો સુવર્ણચંદ્રક,



અડાસના શહીદો — શ્રી કાંતિભાઈ પટેલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શ્રી કાન્તિભાઈ પટેલનાં શિલ્પો



ગાંધીજી



સરદાર વલ્લભભાઈ પટેલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી કાન્તિભાઈ પટેલનાં શિલ્પો



નૃત્યની ગતિ



પુજા



મધર મેરી અને ઈસુ



ભરવાડ

કેમ્બ્રિજ યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને બે વખત સન્માનિત કરેલ છે. શિલ્પ કલા સાધનાની કદર કરી ઈ. સ. 2004માં ભારત સરકારે પદ્મશ્રી ઍવોર્ડથી નવાજ્યા છે.

આશ્રમ રોડથી દાંડી તરફ કૂચ કરતી વિશ્વ પ્રસિદ્ધ પ્રતિમા, નહેરુ બ્રિજના છેડે ઈન્દુ ચાચાની પ્રતિમા, ગાંધી આશ્રમમાં ધ્યાનસ્થ ગાંધીજીની પ્રતિમા, ઈસરોમાં વિક્રમસારાભાઈની પ્રતિમા, ગાંધીનગર ખાતે સરદાર પટેલની વિશાળ પ્રતિમા રાજઘાટ દિલ્હી ગાંધી સ્મારકમાં ધ્યાન મગ્ન ગાંધીજીની પ્રતિમા, આ ઉપરાંત રામકૃષ્ણ પરમહંસ, વિનોબા ભાવે, સ્વામી વિવેકાનંદ શ્રી લાલબહારદુર શાસ્ત્રી, મધર મેરી, વિઠ્ઠલભાઈ પટેલ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, યોગીજી મહારાજ, શ્રી વિજય વલ્લભ સૂરિજી, સાધ્વી મૃગાવતીજી, મા શારદા, મણિદેવી વગેરેની પ્રતિમાઓ બનાવેલ છે.

અમદાવાદ, દિલ્હી, ન્યૂ યોર્ક, સાઉથ અમેરિકાના ગિઆનાની રાજધાની જ્યોર્જ ટાઉન, જર્સી સિટી, જ્હોનિસબર્ગ વગેરે જગ્યાએ તેમની બનાવેલી પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવેલ છે. ગાંધીજીના ટ્રસ્ટીશીપને વરેલા શ્રી કાન્તિભાઈએ અમદાવાદમાં આવેલી પોતાની ચાલીસ કરોડ રૂપિયા જેટલી કિંમતની બે એકર મૂલ્યવાન જમીન કલાપ્રવૃત્તિના વ્યાપ અને વિકાસ માટે દિલ્હી લલિતકલા અકાદમીને અર્પણ કરી છે. આવું ઉમદા કાર્ય ગાંધીજીના આદેશો પર ચાલનાર જીવનસાધક જ કરી શકે.



તાપીબેન દેસાઈનું શિલ્પ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## 4 શ્રી રમેશભાઈ પંડ્યા (ઈ. સ. 22-10-1930)



શ્રી રમેશભાઈ પંડ્યાનો જન્મ તા. 22-10-1930માં સુરત ખાતે થયો હતો. બાળપણમાં જ 3 વર્ષે માતાની મમતા અને 6 વર્ષે પિતાની છત્રછાયા ગુમાવી હતી. નર્મદા કિનારે આવેલું ચાણોદ તેમનું મૂળ વતન અને મોસાળ પણ હતું. તેથી મામાની છત્રછાયામાં બાળપણનો ઉછેર અને અભ્યાસ થયો. મામા રેલવેમાં ગાર્ડ હોવાથી બદલીઓ થતી રહેતી તેની અસર અભ્યાસ ઉપર પડતી. 1944માં 1 વર્ષ માટે સર્વ વિદ્યાલય કડી ખાતે અભ્યાસ કરવાની તક મળી. અહીં તેમનો સર્વાંગી વિકાસ થયો હોવાનું તેઓ માને છે. શાળાના કલાશિક્ષકો દ્વારા કલાશિક્ષણ ક્ષેત્રે તેમને પ્રોત્સાહન મળતું હતું. ચાણોદમાં આવતા સર્કસ, મેળા, ભવાઈ અને રામલીલા માણવાનો આનંદ આવતો હતો.

S.S.C. પાસ થયા બાદ કલાગુરૂ શ્રી રવિભાઈની પ્રેરણા અને મામાની આર્થિક સહાયથી વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સમાં 1951માં દાખલ થયા. ત્યાં શ્રી બેન્દ્રે સાહેબ તથા શ્રી માર્કન્ડ ભટ્ટ સાહેબ પાસેથી તાલીમ મેળવી. 1955માં બી.એ. ફાઈન આર્ટ્સની પદવી પ્રથમ નંબરે હાંસલ કરી. ત્યારબાદ અમેરિકાની ઈલોનોઈ સ્ટેટ યુનિવર્સિટીમાંથી સારા ગ્રેડ સાથે એમ.એ.ની પદવી મેળવીને માતૃસંસ્થામાં (વડોદરા) જ અધ્યાપક અને રીડર તરીકે જોડાયા અને 1990 સુધી કાર્યરત રહી નિવૃત્ત થયા.

'પહેલાં હું ચિત્રશિક્ષક પછી ચિત્રકાર' આવી નમ્રતા, સરળતા, નિખાલસતા અને મિલનસાર વ્યક્તિત્વના કારણે કલા, વિદ્યાર્થીઓ તથા સમાજના પરિચિત લોકોના સન્માનિત કલાગુરુ રહ્યા છે. તેના ફળ સ્વરૂપે સિનિયર ફેલોશીપ મળી. ગુજરાત રાજ્ય લલિતકલામાં બે વખત ચૂંટાયા અને તેની અનેક સમિતિઓમાં કામ કર્યું. 2009 માં ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર મળ્યો. દેશના મુંબઈ, દિલ્હી, ઈન્દોર, મૈસૂર વગેરે શહેરોમાં તેમનાં ચિત્રો પ્રદર્શિત થયાં. ભારત સરકાર દ્વારા સ્વિત્ઝરલૅન્ડમાં યોજાયેલા ગ્રાફિક્સ પ્રદર્શનમાં તેમની બે કૃતિઓ પ્રદર્શિત થઈ હતી. 1959માં પાર્લામેન્ટ હાઉસની પરસાળમાં 'મહારાણા પ્રતાપ'નું ભીંતચિત્ર બનાવ્યું હતું.

પ્રો. કે. જી. સુબ્રમણ્યમ અને શ્રી જયોતિ ભટ્ટ સાથે દેશના વિવિધ સ્થળોએ મ્યુરલ તથા ભીંતચિત્રો કર્યા હતાં.

ઈ.સ. 2000થી મિરલ મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટમાં પ્રમુખ તરીકે કામગીરી બજાવી રહ્યા છે. 2001માં ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો. ગુ.રા. લલિત કલા અકાદમીમાં બે વાર ચૂંટાયા તથા તેની અનેક સમિતિમાં કાર્ય કર્યું. ભારત સરકારની માનવ સંસાધન મિનિસ્ટ્રી તરફથી બે વખત સિનીયર ફેલોશીપ મળી. ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી દ્વારા સન્માન કરવામાં આવ્યું. તેમનાં જાણીતાં ચિત્રો ખેડૂત કુટુંબ, ગ્રામ્ય કન્યા, કેશ ગુંથન વગેરે છે.



**સમુદ્ર મંથન**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com


## શ્રી રમેશભાઈ પંડ્યાનાં ચિત્રો




ખેડૂત કુટુંબ



ગ્રામ્ય કન્યા



સ્ટીલ લાઈફ



સખી




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શ્રી રમેશભાઈ પંડ્યાનાં ચિત્રો



લેન્ડસ્કેપ




કેશ ગુંથન



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## 5 શ્રી પીરાજી સાગરા (ઈ. સ. 1931 થી ઈ. સ. 2014)



ચિત્રકાર અને શિલ્પકાર શ્રી પીરાજી સાગરાનો જન્મ તા. 02-02-1931ના રોજ કલાત્મક કાષ્ટ કલાનો (ANTIQUE) વ્યવસાય કરતા પિતાશ્રી ચિમનાજીના ત્યાં થયો. કલાના નમૂનાઓ જોતાં નાનપણથી જ પારખવાનું અને કલા સંસ્કારનાં બીજ સહજતાથી તેમનામાં આવ્યાં. શાળાનું શિક્ષણ ન્યૂ ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં લીધું. તે દરમિયાન ચિત્ર સર્જન માટે ઈનામ મળેલ ત્યારથી તેમની કલાયાત્રા શરૂ થઈ જે જીવન પર્યન્ત અવિરત ચાલુ રહી.

ઈ. સ. 1953માં અમદાવાદની શેઠ સી. એન. કલા મહાવિદ્યાલયમાં દાખલ થયા અને શ્રી રસિકલાલ પરીખ પાસેથી કલાનું શિક્ષણ લીધું. ચિત્ર શિક્ષક તરીકે ન્યુ એજ્યુકેશન સ્કૂલમાં જોડાયા.

ઈ. સ. 1960માં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાંથી આર્ટમાસ્ટરની ડિગ્રી મેળવી પ્રોગેસિવ પેઈન્ટર ગ્રૂપની અમદાવાદમાં સ્થાપના કરી. ઈ. સ. 1962માં 'કૉલેજ ઓફ આર્કિટેક્ચર'માં ચિત્રકલાના પ્રાધ્યાપક તરીકે જોડાયા. કૅમ્પસની મુલાકાતે આવતા દેશ-વિદેશના ચિત્રકારો, આર્કિટેક્ચર અને ડિઝાઈનરોના સતત સંપર્ક થતાં તેમના જીવનભરના કાર્ય અને પ્રતિષ્ઠામાં વધારો થયો.

શ્રી પીરાજી સાગરાએ રંગ-પીંછીની સાથે અકલ્પનીય વિવિધ માધ્યમોનો પોતાના ચિત્રમાં ઉપયોગ કર્યો. કૅનવાસ સાથે લાકડા પર પ્લાયવૂડ, પતરું, ખીલીઓ વગેરે લગાવી કૃતિઓ તૈયાર કરતા. ઘણી વખત લાકડા પર ગુજરાત લોકકલાના પ્રતિકો સમા કચ્છીમોતીના તોરણ, ચાકડા વગેરે ચોટાડેલા જોવા મળે છે. સાથે સાથે હાથ વડે પકડવાના પ્રાઈમસ (સ્ટવ) વડે બાળીને પણ ચિત્રમાં વિવિધ ટેક્ષ્ચર ઊભા કરતા. આમ તેઓ એક પ્રયોગશીલ ચિત્રકાર હતા.

મેનવિથ ફીસની સીરીઝ, બર્નિંગ ફૉરેસ્ટ સીરીઝ, બર્ડ સીરીઝ, હેડ, હોર્સ, તાંત્રિક ચિત્રની સીરીઝ તેમજ વુડકટ પણ તેમણે કરેલ છે. શિલ્પકલામાં પથ્થર, માર્બલ, મેટલ, લાકડું જેવા માધ્યમમાં નાના-મોટાં અનેક શિલ્પો કરેલાં છે. મૂંડ સમૂહ, એનિમલ એન્ડ મેન અને હેડ ખૂબ જ જાણીતા છે. અમદાવાદના ટાગોર હોલની દીવાલો ઉપર ભીંતચિત્રો (મ્યુરલ પેઈન્ટિંગ) કર્યું હતું. જે હાલ સંસ્કાર કેન્દ્રમાં સંગ્રહિત છે.

શ્રી પીરાજી સાગરાને કલકત્તા ફાઈન આર્ટ અકાદમીનો ગોલ્ડ મૅડલ મળ્યો જે તેમને ચાઈના વૉરમાં દેશને અર્પણ કરેલ. ગુજરાત લલિતકલા અકદામીનું પ્રથમ ઇનામ ઈ. સ. 1962માં નેશનલ લલિતકલા અકાદમીનો નૅશનલ ઍવોર્ડ ઈ. સ. 1963માં પ્રાપ્ત થયો. તેમને વ્યક્તિગત અને સંયુક્ત ચિત્રપ્રદર્શનો લંડન, યુરોપ, કૅનેડા, બ્રાઝિલ, ટોકિયો અને અમેરિકા જેવા દેશમાં યોજાયાં હતાં. તેઓ ગુજરાત લલિતકલા અકાદમીના માનદ્ સભ્ય હતા. તેમને રાષ્ટ્રીય લલિતકલા અકાદમીના લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ, ઈ. સ. 2004, વિશ્વ ગુર્જરીનો પ્રથમ ઍવોર્ડ ઈ.સ. 1991 માં મળેલ હતો. સાદગી, સરળતા, નમ્રતા, નિખાલસતા, મિત્રતા પૂર્ણ વ્યવહાર સતત તેમનામાં જોવા મળતો.

તેમની કલાકૃતિઓ મૉર્ડન આર્ટ ગેલેરી ન્યૂ દિલ્હી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, નૅશનલ લલિતકલા અકાદમી ન્યૂ દિલ્હી તેમજ જાહેર અને ખાનગી દેશ-વિદેશના સંગ્રહાલયમાં સંગ્રહાયેલી છે. તેમનું અવસાન 24 જાન્યુઆરી 2014ના રોજ થયું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી પીરાજી સાગરાના શિલ્પો અને ચિત્રો




ચિત્ર : મેન વીથ ફિશ



શિલ્પ : માતા, બાળક અને પક્ષી



શિલ્પ : હેડ



શિલ્પ : હરણ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શ્રી પીરાજી સાગરાના ચિત્રો



હોર્સ (Hourses)




વુડ રિલીફ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6 શ્રી સી.ડી. મિસ્ત્રી (ઈ. સ. 1933)




શ્રી સી.ડી. મિસ્ત્રીનો જન્મ તા. 03 - 04 - 1933માં નવસારી તાલુકાના ચિખલી ગામમાં થયો હતો. નાનપણમાં પિતાજીના કારખાનામાં જઈ નાનાં રમકડાં, બળદ ગાડુ, ઢીંગલી, પ્રાણીઓ બનાવતા આમ તેમને નાનપણથી જ કલામાં રસ હતો.

શેઠ સી.એન. કલા મહાવિદ્યાલય અમદાવાદમાં ઈ. સ. 1956માં ડી.ટી.સી. થયા. ઈ. સ. 1962માં આર્ટ માસ્ટરની ડિગ્રી મેળવી અને તેજ વર્ષે શેઠ સી.એન. વિદ્યાલયમાં ચિત્ર શિક્ષક તરીકે જોડાયા અને ઈ. સ. 1965માં પેઈન્ટિંગ ડીપ્લોમા મેળવ્યો. ઈ. સ. 1966માં શેઠ સી.એન. કલા મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપક અને આચાર્ય તરીકે 32 વર્ષ સુદીર્ઘ સેવાઓ આપી. ઈ.સ. 1991માં સેવાનિવૃત્ત થયા.

શ્રી સી.ડી. મિસ્ત્રી સ્વભાવે સરળ, ધીરજ, નિષ્ઠા, શિસ્તના આગ્રહી તેમજ કાર્યમાં ચોકસાઇ અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય રહ્યા.

શ્રી સી.ડી. મિસ્ત્રી ગુજરાતના કલાકાર મિત્રોમાં છગનભાઇ તરીકે જાણીતા છે. તેમને શરૂઆતમાં પરંપરાગત શૈલીમાં ચિત્ર સર્જન કરતા તેમાં વિવિધ પ્રયોગો કરી પરિવર્તન લાવ્યા. રામાયણ, મહાભારત અને શક્તિપુરાણના પ્રચલિત પ્રસંગોમાં પોતાની આગવી લોકશૈલી (FOLK ART) નું નિર્માણ કર્યું અને તે તેમના ચિત્રોની ઓળખ બની ગઈ. તેમના ચિત્રોમાં જુદા જુદા ટેક્ષચર, તેજસ્વી રંગો, બારીક કામ, આકારોની સુંદર ગોઠવણી જોવા મળે છે. શ્રી સી.ડી. મિસ્ત્રીએ 26 જેટલા વ્યક્તિગત પ્રદર્શનો (ONE MEN SHOW) અને 35 જેટલા સંયુક્ત પ્રદર્શનો (GROUP SHOW) દેશના અને ગુજરાતના જાણીતા ચિત્રકારો સાથે કરેલ છે. રાષ્ટ્રીય લલિતકલા અકાદમીનો 'નૅશનલ ઍવોર્ડ ન્યૂઝ ઍન્ડ ઈન્ફોરમેશન મંત્રાલયનો 'મહાશક્તિ' ચિત્ર માટે

**શ્રી સી.ડી. મિસ્ત્રીનાં ચિત્રો**



**ધ હોર્સ**



**અભિજીત**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નેશનલ એવોર્ડ, ગુજરાત લલિતકલા અકાદમી, કાલિદાસ અકાદમી- ઉજ્જૈન, આઇફેક્સ ન્યૂ દિલ્હી, બૉમ્બે આર્ટ સોસાયટી, ગુજરાત સરકાર દ્વારા ગૌરવ પુરસ્કાર એવોર્ડથી સન્માનિત થયેલ છે. તેઓ ગુજરાત લલિતકલા અકાદમી, આઇફેક્સ ન્યૂ દિલ્હી, બૉમ્બે આર્ટ સોસાયટી અને આર્ટ સોસાયટી ઓફ ઇન્ડિયા. મુંબઈના સભ્ય રહી ચૂકેલ છે.

બ્લેક એન્ડ વ્હાઈટ, 'ફોર્સ ઍન્ડ ફેન્ટસી' સીરીઝ, બુલ સીરીઝ, નાના કદના 'સ્પીક સ્વીટ' મીક્સ મીડિયાની સીરીઝ, ડીસ્ટોરટેડ પ્રોટ્રેટની સીરીઝ તેમજ લોકશૈલીના ચિત્રોમાં મહાશક્તિ, પવિત્ર ભક્તિ, સૂર્ય, ગણેશ, કાર્તિકેય, સીતાની અગ્નિ પરીક્ષા, નાગદમન, સીતાહરણ જેવાં તૈલરંગી ચિત્રો કરેલ છે.

તેમના ચિત્રો બિરલા મ્યુઝિયમ, એર ઇન્ડિયા મૉર્ડન આર્ટ ગેલેરી, રાષ્ટ્રીય લલિતકલા અકાદમી, ગુજરાત લલિતકલા અકાદમી, કાલીદાસ અકાદમી, કર્ણાટક લલિતકલા અકાદમી તેમજ અનેક ખાનગી સંગ્રહાલયમાં સંગ્રહીત છે. રાષ્ટ્રીય લલિતકલા અને એર ઈન્ડિયાએ તેમના ચિત્રોની પ્રિન્ટ પ્રકાશિત કરેલ છે.

**શ્રી સી.ડી. મિસ્ત્રીનાં ચિત્રો**



સ્વીટ સ્પીક



સ્વીટ સ્પીક



બર્ડ સેલર



બુલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી સી.ડી. મિસ્ત્રીનાં ચિત્રો



મહાશક્તિ -1



સૂર્ય



ગિરીધર




ફોર્સ એન્ડ ફેન્ટસી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7 શ્રી હકુભાઈ શાહ (ઈ. સ. 1934)



શ્રી હકુભાઈ શાહનો જન્મ 26 - 03 - 1934માં સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારના વાલોડ ગામમાં થયો હતો. તેઓ આધ્યાત્મિક જ્ઞાન ધરાવતા મહાન ચિત્રકાર છે.

ઈ. સ. 1961 થી શરૂ કરીને કુલ 17 જેટલા વન મૅન શો (વ્યક્તિગત પ્રદર્શનો) તેમણે કર્યા છે. તેમણે અનેક નામી ચિત્રકારોને કલાનું શિક્ષણ આપ્યું છે. તેઓ રીસર્ચ આસિસ્ટન્ટ, ડિઝાઈન ક્યુરેટર (વ્યવસ્થાપક) જેવી બહુમુખી પ્રતિભા ધરાવે છે. અમેરિકન મ્યુઝિયમમાં સલાહકાર તરીકે સેવા આપી તેમની શક્તિઓ અને કુશળતાનો પરિચય કરાવ્યો છે. તેમણે 26 જેટલાં પુસ્તકો લખ્યાં છે. તેઓ હંમેશાં લોકકલા અને આદિવાસી કલાને પ્રોત્સાહન આપતા રહ્યા છે. ફક્ત ચિત્રકાર જ નહિં પરંતુ માટીકામ, પ્લાસ્ટર ઓફ પેરિસ પરનું કામ, સિમેન્ટ કૉન્ક્રિટ દ્વારા થતું કામ વગેરે ઉપર તેમણે અનેકવિધ પ્રોજૅક્ટ તૈયાર કર્યા છે. આવી કલા દ્વારા પણ કલાકાર મહાન બની શકે છે, તે સાબિત કર્યું છે. તેમને અનેક પારિતોષિકો મળ્યાં છે.

ઈ. સ. 1971માં નહેરુ ફેલોશિપ ઍવોર્ડ, ઈ. સ. 1984માં ભારત સરકારનો ‘પદ્મશ્રી ઍવોર્ડ’, ઈ. સ. 1998માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા (ગૌરવ પુરસ્કાર) મેળવ્યો. તેમના જીવન દરમિયાન કરેલાં ચિત્રો, માટીકામ કે લેખો દ્વારા અને તેમનાં કાર્યો દ્વારા એ સિદ્ધ થાય છે કે તેઓ કલા સાધક હોવા ઉપરાંત આધ્યાત્મિક યાત્રામાં ખૂબ જ અગ્રેસર રહ્યા છે. જાણીતાં ચિત્રો, મ્યુઝિક, મંગલવેણું, નારીશક્તિ વગેરે છે.



કુદરતનું સાનિધ્ય — શ્રી હકુભાઈ શાહ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી હકુભાઈ શાહનાં ચિત્રો



નારી શક્તિ



ઝીણી ઝીણી ભીની ચૂંદડી



ફ્લુટ પ્લેયર



ફેમિલી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી હકુભાઈ શાહનાં ચિત્રો



મંગલ વેણુ



હોળી



સખી




અનટાઈટલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8 શ્રી વૃંદાવન સોલંકી (ઈ. સ. 1942)



શ્રી વૃંદાવન સોલંકીનો જન્મ તા. 10-11-1942 માં જૂનાગઢમાં થયો હતો. તેમના પિતાએ નાનકડા વૃંદાવનને શાળામાં મૂક્યા ત્યારે પાટીમાં તેમણે 'ક' ઘૂંટવાને બદલે 'કળશ'નું ચિત્ર બનાવ્યું. આ જોઈ તેમણે આશ્ચર્ય અનુભવ્યું. નાનપણથી જ કલારૂચિને કારણે તેઓ આજે વિશ્વભરમાં શ્વેત શ્યામ ચિત્રોના સિદ્ધહસ્ત ચિત્રકાર તરીકે જાણીતા થયા છે.

બાળપણમાં જૂનાગઢની ગિરિમાળાઓમાં અલગારીની જેમ ફરતાં ફરતાં તેમણે વૃક્ષો, પથ્થરો પાસેથી ચિત્રસર્જનની પ્રેરણા મેળવી. જૂનાગઢના નરસિંહ વિદ્યામંદિરમાં એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો. શાળા જીવન દરમિયાન ગુજરાતના કલાગુરુશ્રી રવિશંકર મ. રાવળના પરિચયમાં આવ્યા અને તેમણે 50 જેટલા પત્રો લખેલા અને તેના જવાબ પણ મળેલા. તેમની જ પ્રેરણાથી તેઓ મુંબઈની સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાં ચિત્રકલાનો અભ્યાસ કરવા ગયા. પહેલા વર્ષમાં ફર્સ્ટ કલાસ મેળવવા છતાં તેમને સંતોષ નહતો. અહીં તેમને યોગ્ય અવકાશ ન મળતાં જાણીતા ચિત્રકાર શ્રી પ્રધુમ્ન તન્નાએ તેમને વડોદરાની 'ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સ' જવા કહ્યું અને ત્યાં પ્રવેશ મેળવ્યો. અહીં તેમને શ્રી એન. એસ. બેન્દ્રે જેવા પ્રેમાળ કલા આચાર્યો પાસેથી કલાનું શિક્ષણ મેળવ્યું. ઈ. સ. 1966માં ગુજરાત લલિતકલા અકાદમી દ્વારા યોજાતી સ્પર્ધામાં 'શેરી'ના એક ચિત્રને 'સ્ટુડન્ટસ કેટેગરી' માં મૂકવા આવેલા ત્યારે ચિત્ર જોઈને એક સીનિયર આર્ટીસ્ટ રશ્મિ ખત્રીએ કહ્યું. આ ચિત્ર 'આર્ટિસ્ટ કેટેગરી'માં મૂકી શકાય તેવું છે અને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું.

વૃંદાવનભાઈ છેલ્લાં વર્ષમાં હતા ત્યારે જૂનાગઢના શિવરાત્રિના મેળામાં જઈ ભરપુર ડ્રૉઈંગ્સ બનાવ્યાં. તે ચિત્રોનો 'જહાંગીર આર્ટ ગેલેરી' મુંબઈમાં વન મૅન શૉ યોજવા સૂચન કર્યું. જહાંગીર આર્ટ ગેલેરીમાં કેવળ ડ્રૉઈંગનાં પ્રદર્શન જવલ્લે જ થતાં. આ પ્રદર્શન ઈ. સ. 1969માં તેમનો પ્રથમ વન મૅન શો થયો. પ્રદર્શનને ખૂબ જ આવકાર મળ્યો. બધાં જ ચિત્રો વેચાઈ ગયાં. ત્યારથી આજ સુધી તેમનાં ચિત્રો રાજ્ય-દેશ અને દુનિયામાં સ્થાન અને ઈનામ પ્રાપ્ત કરતાં રહ્યાં છે.

ડીપ્લોમા પેઈન્ટિંગ ઈ. સ. 1980માં અને પોસ્ટ ડિપ્લોમા ઈન ગ્રાફિક્સ ઈ. સ. 1982માં મેળવ્યો. અત્યાર સુધી તેમના વ્યક્તિ પ્રદર્શન (વન મૅન શો) 41, સમુહ પ્રદર્શન(ગૃપ શો) 44 અને ચૅરિટી શો 14 જેટલા યોજાયેલ છે. ચાર કૉલ, પેસ્ટલ, ઈન્ક, ડ્રાયપેસ્ટલ, એક્રેલિક, ઓઈલ કલર જેવાં માધ્યમમાં ચિત્રો કરેલ છે. મોટે ભાગે તેમનાં ચિત્રો 'ફેસ લેસ ફેસ' હોય છે. તેઓ ઈ. સ. 1987-90 દરમિયાન ગુજરાત લલિતકલા અકાદમીના સભ્ય રહી ચૂકેલા છે. અમદાવાદની NID(નૅશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન)માં ઈ.સ. 1982 - 87 પેઈન્ટિંગ ફેકલ્ટીમાં વિઝિટીંગ ફેકલ્ટી તરીકે સેવાઓ આપેલ છે. આજે તેઓ અમદાવાદમાં રહી ચિત્રસર્જન કરી રહ્યા છે. તેમને આર્ટ સોસાયટી ઑફ ઈન્ડિયા, ગુજરાત લલિતકલા અકાદમી, કાલિદાસ અકાદમી-ઉજ્જૈન. અનેક વખત ઈનામ પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત ઈ. સ. 2008 માં ગુજરાત સરકાર દ્વારા ગૌરવ પુરસ્કાર મળેલ છે.

ગ્રામ્યયુવક, ગોષ્ટી, નિરાત, પ્રતિક્ષા, ગેટ વે ઓફ ઈન્ડિયા, ગ્રામ્યયુગલ, સૌરાષ્ટ્રના ગ્રામ્યપાત્રો, મધર ઍન્ડ ચાઈલ્ડ સીરીઝ, કપલ સીરીઝ, ફેઈસ લેસ ફેઈસની સીરીઝ, પાટીવાલા ઓન મૂવ સીરીઝ, માયલૅન્ડ માય પિપલ સીરીઝ તેમજ 'કાન સાફ' ડબ્બાવાલા, ભેલવાલા, માછીવાલા, ટાટા સ્ટીલ સીરીઝ તેમજ રેખા ચિત્રોએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી છે.

આ ચિત્રકારનું હૈયું જૂનાગઢમાં, પગ અમદાવાદમાં અને ઉડાન વિશ્વભરમાં ભરનાર ચિત્રકારની એક જ મહેચ્છા છે. બસ સતત ચીતરતા રહેવું. તેમના ચિત્રનો સંગ્રહ ગુ. રા. લલિતકલા, રાષ્ટ્રીય લલિતકલા, મૉર્ડન આર્ટ ગેલેરી ન્યૂ દિલ્હી તેમજ ખાનગી સંગ્રહાલયોમાં સંગ્રહિત છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી વૃંદાવન સોલંકીનાં ચિત્રો


ગોષ્ઠી


નિરાંત


ગ્રામ્યયુવક



પ્રતિક્ષા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્રી વૃંદાવન સોલંકીનાં ચિત્રો



ગેટ વે ઓફ ઈન્ડિયા, મુંબઈ



ઈચિંગ - ગુજરાતની શેરી



ગ્રામ્યયુગલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) માત્ર 29 વર્ષની ટૂંકી કારકિર્દીમાં ________ ચિત્રકારે કલાક્ષેત્રે ઉચ્ચસ્થાન પ્રાપ્ત કર્યું છે.

(2) લેપ્ચાકન્યા ________ ચિત્રકારનું ચિત્ર છે.

(3) રમેશ પંડ્યાનું મૂળ વતન ________ હતું.

(4) ઈ.સ. 1942ની 'હિંદ છોડો' ચળવળમાં ________ છ માસ જેલવાસ ભોગવ્યો હતો.

(5) ________ ચિત્રકાર જ નહીં પરંતુ માટીકામ, પ્લાસ્ટર ઓફ પેરિસ પરનું કામ, સિમેન્ટ ક્રોંકીટ દ્વાર થતું કામ પર પ્રોજેક્ટ કરેલા છે.

**2. નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ આપી જવાબ લખો.**

(1) કયા ચિત્રકાર કલકત્તાના 'કેરિન્થિયન' થિયેટરમાં નાટકના પડદા ચિતરતા ?

(A) શ્રી કાન્તિભાઇ પટેલ (B) કુમારી અમૃતા શેરગીલ

(C) શ્રી દેવીપ્રસાદરૉય ચૌધરી (D) શ્રી રમેશભાઈ પંડ્યા ________

(2) શ્રી કાન્તિભાઇ પટેલે 'ઈસરો'માં કઇ પ્રતિમા બનાવી છે ?

(A) વિક્રમ સારાભાઈ (B) રામકૃષ્ણ પરમહંસ

(C) વિનોબા ભાવે (D) સ્વામી વિવેકાનંદ ________

(3) 'પ્રાર્થના કરતા છોકરા' નામનું ચિત્ર કયા કલાકારનું છે ?

(A) શ્રી રમેશભાઇ પંડ્યા (B) શ્રી પીરાજી સાગરા

(C) કુમારી અમૃતાશેરગીલ (D) શ્રી સી.ડી. મિસ્ત્રી ________

(4) ચિત્રકાર શ્રી રમેશભાઈ પંડયાએ પાર્લામેન્ટ હાઉસની પરસાળમાં કયું ભીંતચિત્ર બનાવ્યું ?

(A) ગાંધીજીનું (B) મહારાણા પ્રતાપનું

(C) સરદાર પટેલનું (D) જવાહરલાલ નેહરુ ________

(5) 'ફેસ લેસ ફેઈસ'ની સીરીઝ કયા ચિત્રકારની છે ?

(A) શ્રી હકુભાઈ શાહ (B) શ્રી વૃંદાવન સોલંકી

(C) શ્રી સી.ડી. મિસ્ત્રી (D) શ્રી રમેશભાઇ પંડયા ________

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) શ્રી દેવીપ્રસાદરૉય ચૌધરીનું કયું શિલ્પ ભારતની રૂ.500ની ચલણી નોટમાં છપાયું હતું ?

________________________________________

(2) શ્રી અમૃતા શેરગીલનો જન્મ કયાં થયો હતો ?

________________________________________

(3) કયા ચિત્રકારે લોકશૈલી (Folk Art) શૈલીનું નિર્માણ કર્યું ?

________________________________________

(4) 'હું પહેલા કલા શિક્ષક છું પછી કલાકાર' આવી સાદગી, નમ્રતાવાળું કલામય જીવન કયા ચિત્રકાર જીવી રહ્યા છે ?

________________________________________

(5) અમદાવાદના ટાગોર હોલની દિવાલો ઉપર કયા કલાકારે ભીત ચિત્ર કર્યું હતું ? જે હાલ સંસ્કાર કેન્દ્રમાં સંગ્રહિત છે ?

________________________________________

(6) શ્રી સી.ડી. મિસ્ત્રીએ પ્રાધ્યાપક અને આચાર્ય તરીકે કયાં સેવા આપી ?

________________________________________

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વિભાગ-૨

# ચિત્ર સર્જન

ચિત્રકલાના અભ્યાસમાં ચિત્રસર્જનનું મહત્ત્વ વધુ છે કારણ કે ચિત્ર કલાની થીયરી જાણવી જરૂરી છે પરંતુ ચિત્રોનું સર્જન કરવું એટલે કે ચિત્રો તૈયાર કરવાની કળા એજ સાચી ચિત્ર કલા છે. ચિત્રસર્જનમાં આકારોની ગોઠવણી, વિષયને અનુરૂપ રંગ યોજના, આકારો અને રંગનું ભાર સામ્ય (સમતુલા) જાળવવી વગેરે ખૂબ જ મહત્ત્વના છે. ચિત્રોના પ્રકાર કે વિષયો અનેક છે, પરંતુ તમારે આ ધોરણમાં ચિત્રસંયોજન, માનવ સર્જિત પદાર્થ ચિત્ર, ટેક્ષટાઈલ (કાપડ)ની ભાત, સર્જનાત્મક ભાત અને પ્રચાર ચિત્રોનો અભ્યાસ કરવાનો છે.

આ ચિત્ર સર્જનો તમારે 28 × 38 સે.મી. $^1/_4$ સાઈઝના કોર્ટજ ડ્રોઈંગ પેપર ઉપર કરવાના છે. આ ચિત્ર સર્જનોના વિષયોને આપણે વિગતવાર સમજીએ.

## 1. ચિત્ર સંયોજન

ચિત્ર સંયોજન એટલે ખાસ કરીને માનવજીવનના પ્રસંગો કે પ્રવૃત્તિઓનાં ચિત્રો જેમાં પાત્રોની યોગ્ય અને સુંદર ગોઠવણી (સંયોજન) કરી વિષયોને અનુરૂપ રંગો પૂરી ચિત્ર તૈયાર કરવાનું હોય છે. અહીંયા ચિત્ર સંયોજનના કેટલાક નમૂના રજૂ કર્યાં છે. જેથી તમને ચિત્ર સંયોજનમાં સુંદર રેખાંકન અને માધુર્યપૂર્ણ રંગયોજના દ્વારા ચિત્રસંયોનનને વધુ આકર્ષક બનાવી શકાય છે. તેની સમજ કેળવાશે. આ ચિત્રો 20 × 25 સેમીના માપમાં કરવાના છે.



**પંચવટીમાં સીતાજી** — **ચિત્રાંકન : શ્રી પ્રશાંત એમ. પટેલ**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



રમકડાં વેચનારી

ચિત્રાંકન : શ્રી દિપેશ કાછીયા



શાકભાજીવાળી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



પૂજા ચિત્રાંકનઃ શ્રી પ્રશાંત એમ. પટેલ



કેશ ગુંથન ચિત્રાંકનઃ શ્રી પ્રશાંત એમ. પટેલ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



રસોઈ કરતી સ્ત્રી

ચિત્રાંકનઃ શ્રી લક્ષ્મણ લામ્પડા




કૃષ્ણ-સુદામા

ચિત્રાંકનઃ શ્રી લક્ષ્મણ લામ્પડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



રમકડાં વેચનાર

ચિત્રાંકન: શ્રી લક્ષ્મણ વામપડા




પ્રતિક્ષા

ચિત્રાંકન : શ્રી પ્રશાંત એમ. પટેલ




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ચિત્ર સંયોજન

ચિત્રાંકન : શ્રી અમિત ચૌધરી




ચિત્ર સંયોજન




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ



ચિત્ર સંયોજન

ચિત્રાંકન : શ્રી અમિત ચૌધરી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



રંગોળી ચિત્રાંકન : શ્રી રમેશ તડવી




રમકડાં વેચનાર ચિત્રાંકન: શ્રી લક્ષ્મણ લામ્પડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ



ચિત્રાંકન : શ્રી રમેશ તડવી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2. માનવસર્જિત પદાર્થ ચિત્ર (Man Maid Object Drawing)**

માનવસર્જિત પદાર્થ ચિત્ર એટલે, માનવ દ્વારા તૈયાર કરવામાં આવેલ જુદા-જુદા ઘાટના વાસણો કે સાધનોને સમૂહમાં યોગ્ય ગોઠવણી કરીને પોતાની જગ્યાએથી જેવું દેખાય તેવું વાસ્તવિક યથાદર્શન કે પ્રમાણ માપનો ખ્યાલ રાખીને તેનું આલેખન કરી તેમાં આબેહૂબ રંગથી કે પેન્સિલથી છાયા પ્રકાશ આપીને તૈયાર કરેલું ચિત્ર.

અહીં કેટલાક માનવસર્જિત પદાર્થના ચિત્રો નમૂના છાપેલા છે. જેથી તમને પ્રમાણમાપ અને છાયાપ્રકાશનો ખ્યાલ આવશે.




**માનવસર્જિત પદાર્થ ચિત્ર** — **ચિત્રાંકન : શ્રી પ્રશાંત એમ. પટેલ**




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



માનવ સર્જિત પદાર્થ ચિત્ર

ચિત્રાંકન : શ્રી પ્રશાંત એમ. પટેલ




માનવ સર્જિત પદાર્થ ચિત્ર




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



માનવ સર્જિત પદાર્થ ચિત્ર

ચિત્રાંકન: શ્રી સુહાગ પી. પટેલ



માનવ સર્જિત પદાર્થ ચિત્ર




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



માનવ સર્જિત પદાર્થ ચિત્ર



માનવ સર્જિત પદાર્થ ચિત્ર

ચિત્રાંકનઃ શ્રી પ્રશાંત એમ. પટેલ




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 3. કાપડની ભાત (Taxtile Design)

ટેક્ષટાઈલ ડિઝાઈન એટલે કાપડ ઉપર છાપવામાં આવતી ભાત. આ ભાત અનેક પ્રકારે થાય છે. આ ભાતમાં ખાસ કરીને ભૌમિતિક આકારો, કુદરતી આકારો, અલંકૃત આકારો, અમૂર્ત આકારો અને અક્ષરોનો ઉપયોગ થાય છે. આ આકારોને પુનરાંકન કરીને ભાત રચના તૈયારી કરવાની હોય છે પરંતુ આ ધોરણમાં તમારે માત્ર ભૌમિતિક આકાર પસંદ કરીને ટેક્ષટાઈલ ભાત તૈયાર કરવાની છે. આવી ભૌમિતિક આકારોવાળી કાપડની ભાત (Taxtile Design) ના કેટલાક નમૂના આપેલા છે. જેના દ્વારા ટેક્ષટાઈલ ડિઝાઈન તૈયાર કરવાની સમજ કેળવાશે. આ ભાત રચનાઓ 20 સેમી × 20 સેમીના ચોરસમાં તૈયાર કરવાની છે.





ભૌમિતિક આકારો પુનરાંકન કરીને કરેલી ટેક્ષટાઈલ ભાત ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






ભૌમિતિક આકારો પુનરાંકન કરીને કરેલી ટેક્ષટાઈલ ભાત


ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com







ભૌમિતિક આકારો પુનરાંકન કરીને કરેલી ટેક્ષટાઈલ ભાત ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com





ભૌમિતિક આકારો પુનરાંકન કરીને કરેલી ટેક્ષટાઈલ ભાત

ચિત્રાંકન : લક્ષ્મણ લામ્પડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

4. **સર્જનાત્મક ભાત (Creative Design)**

સર્જનાત્મક ભાત એટલે કુદરતી કે માનવસર્જિત આકારોને પોતાની મૌલિક શક્તિથી સર્જનાત્મક કરીને તૈયાર કરવામાં કરેલી ભાત રચનાને સર્જનાત્મક ભાત કહેવામાં આવે છે. અહીં કેટલાક સર્જનાત્મક ભાતચિત્રના નમૂના છાપ્યા છે. જેથી તમે સર્જનાત્મક ભાત તૈયાર કરવાની સમજ કેળવી શકશો. આ ભાત 20 × 25 સેમીના માપમાં કરવાની છે.



**સર્જનાત્મક ભાત**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સર્જનાત્મક ભાત

ચિત્રાંકન : શ્રી લક્ષ્મણ લામ્પડા




સર્જનાત્મક ભાત

ચિત્રાંકન : શ્રી પ્રશાંત એમ. પટેલ




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સર્જનાત્મક ભાત ચિત્રાંકન : શ્રી જેરામ પટેલ



સર્જનાત્મક ભાત ચિત્રાંકન : શ્રી ચિરાગ સુથાર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

5. **પ્રચાર ચિત્ર (Poster Design)**

પ્રચાર ચિત્ર એટલે પ્રચાર કે જાહેરાત માટે તૈયાર કરવામાં આવતું ચિત્ર. જેમાં રાષ્ટ્રીય જનજાગૃતિ માટેના ચિત્રો, કન્યા કેળવણી, મતદાન જાગૃતિના ચિત્રો તેમજ વેપારીઓની ઉત્પાદિત વસ્તુઓના બહોળા વેચાણ અને પ્રચાર માટેના વિષયને અનુરૂપ લખાણ સાથે ચિત્ર પણ તૈયાર કરવાનું હોય છે. અહીં પ્રચાર ચિત્રના કેટલાક નમૂના છાપ્યા છે. જેથી તમારી પ્રચાર ચિત્ર તૈયાર કરવાની ક્ષમતા કેળવાશે. આ ચિત્રો 20 × 25 સેમીના માપમાં કરવાના છે.









Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com









Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com










Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com






Downloaded from https:// www.studiestoday.com